CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૫૨
તા.૦૧-૦૨-૨૦૧૮, બુધવાર
સંવત ૨૦૭૪ મહા વદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૩ સૂર્યાસ્ત : ૦૬:૨૬

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૩.૨ | વડોદરા | ૧૫.૦ |
| અમદાવાદ | ૧૩.૧ | સુરત | ૧૬.૪ |
| ગાંધીનગર | ૧૨.૦ | નલિયા | ૧૨.૦ |

ચાંદી : ૪૦,૦૦૦ સોનું : ૩૧,૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# દેશવાસીઓની અપેક્ષા-આશા વચ્ચે આજે બજેટ



## નોટબંધી અને જીએસટી બાદ અર્થતંત્રમાં આવેલી મંદીને દુર કરવાના પડકાર કૃષિ, આરોગ્ય, ઉધોગ, અન્ય તમામ ક્ષેત્રોમાં પ્રાણ ફુકવાની જાહેરાત થશે

નવીદિલ્હી

નાણાંપ્રધાન અરૂણ જેટલી આવતીકાલે કરોડો લોકોની અપેક્ષા અને તમામ ક્ષેત્રોના ઉધોગોની ઉત્સુકતા વચ્ચે વર્ષ ૨૦૧૮-૧૯ માટેનુ સામાન્ય બજેટ રજૂ કરવા જઇ રહ્યા છે. અનેક પ્રકારની લોકોની અપેક્ષા અને અનેક પ્રકારના જટિલ પડકારો વચ્ચે નાણાંપ્રધાન અરૂણ જેટલી બજેટ રજૂ કરશે. બજેટમાં દેશના તમામ વર્ગને રાજી રાખવાની બાબત તેમના માટે સરળ રહેશે નહી.જેટલી મુળભૂત મુક્તિ મર્યાદાને વધારીને ત્રણ લાખ રૂપિયા કરી શકે છે.કંપની કરવેરામાં પણ કાપ મુકી શકે છે. કંપની કરના દરને વર્તમાન ૩૦-૩૪ ટકાથી ઘટાડીને ૨૮ ટકા સુધી કરી શકાય છે. બજેટમાં કૃષિ ક્ષેત્રમાં રોકાણ અને મોટા માળખાકીય પ્રોજેક્ટ પર ખર્ચ વધારી દેવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે. રોજગાર પર ખાસ ધ્યાન રહેશે. નાણાંપ્રધાન આવકવેરા સલેબમાં કેટલાક ફેરફાર કરી શકે છે. હાલમાં અઢી લાખ સુધીની આવક કરમુક્ત છે. કોર્પોરેટ ટેક્સ રેટને ઘટાડી દેવામાં આવે તેવી શક્યતા છે. કંપનીઓ માટે ડીડીટી ખતમ કરવામાં આવે તેવી શક્યતા છે. આ વખતે નોટબંધી અને જીએસટીના કારણે આર્થિક વિકાસની ગતિ ધીમી પડી છે. સાથે સાથે મોટા ભાગના ક્ષેત્રોમાં પણ મંદી આવી છે. આવી સ્થિતીમાં આરોગ્ય, કૃષિ, શિક્ષણ, ઈન્ડસ્ટ્રીઝ અને અન્ય તમામ જરૂરી સેક્ટરોની માગને પૂર્ણ કરવા માટે જેટલી સંતુલિત પ્રયાસ કરે તેમ માનવામાં આવે છે. સામાન્ય લોકો નોટબંધી અને જીએસટીના કારણે ખુબ મુશ્કેલીમાંથી પસાર થઇ ચુક્યા છે.

### આજે રેલવે બજેટ : સેફ્ટી, ઇન્ફ્રા ડેવલપમેન્ટ પર ખાસ ધ્યાન રહેશે

નવીદિલ્હી

સામાન્ય બજેટની સાથે મર્જ કરવામાં આવ્યા બાદ આવતીકાલે સામાન્ય બજેટની સાથે જ રેલવે બજેટ પર રજૂ કરવામાં આવનાર છે.સામાન્ય બજેટના એક હિસ્સા તરીકે તેને રજૂ કરવામાં આવનાર છે. ગયા વર્ષે સામાન્ય બજેટની સાથે રેલવે બજેટને મર્જ કરીને રજૂ કરવામાં આવ્યા બાદ આની શરૂઆત થઇ હતી. રેલવે બજેટને લઇને પણ રેલવે યાત્રીઓ ઉત્સુક દેખાઇ રહ્યા છે. બજેટમાં તેમના માટે શુ રહેશે તે બાબત પણ ચર્ચા છે. બજેટમાં નવી હાઇ સ્પીડ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી શકે છે. ટ્રેક ઉપર રેલવેને મુકવા માટે ૩૫.૩ ટ્રિલિયન રૂપિયાની યોજના તૈયાર કરી લેવામાં આવી છે.કેપેક્ષમાં ૯૨ ટકા વાર્ષિક વધારો દર્શાવવામાં આવી રહ્યો છે. ભારતીય રેલવે મંત્રાલય માટે મૂડી ખર્ચને ૨૦૩૨ સુધી સતત વધારવા માંગે છે. રેલવેના આધુનિકીકરણ કેપેસિટી ક્ષમતા ઉપર વધારે ખર્ચ કરવામાં આવશે. સરેરાશ વાર્ષિક રોકાણને પણ વધારવામાં આવનાર છે. ૨૦૧૭-૧૮માં આને ૧.૩૧ ટ્રિલિયનથી વધારીને ૨.૫ ટ્રિલિયન સુધી લઇ જવામાં આવશે. લાંબા ગાળાના રોકાણમા વિઝન ૨૦૩૦ની આધુનિકીકરણ યોજના અને ૫.૫૬ ટ્રિલિયન રૂપિયાના રોકાણ ટાર્ગેટનો સમાવેશ થાય છે. પૂર્વ રેલવે મંત્રી સુરેશ પ્રભુએ ૨૦૧૪-૧૫માં રોકાણ ટાર્ગેટની શરૂઆત કરી હતી.

### સસ્તા આવાસની સ્કીમોને વધુ પ્રોત્સાહન આપવા માટે તૈયારી

નવી દિલ્હી

નાણામંત્રી અરુણ જેટલી આવતીકાલે બજેટ રજૂ કરતી વેળા સસ્તા મકાન માટેની સ્કીમોને પ્રોત્સાહન આપી શકે છે. પોષાય તેવા આવાસને પ્રોત્સાહન મળે તે માટે જીએસટીને ૧૨ ટકાથી ઘટાડીને આઠ ટકા કરવાની હિલચાલ ચાલી રહી છે. ૧૮મી જાન્યુઆરીના દિવસે મળેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં જીએસટી રેટને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આઠ ટકા કરવાની ભલામણ કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના ક્રેડિટ લિંક્ડ સબસિડી સ્કીમ ઉપલબ્ધ કરાવે છે.




૩૫ વર્ષના લાંબાગાળા બાદ આજે સંપૂર્ણ ચંદ્રગ્રહણ જોવા મળ્યું હતું. ચંદ્ર આજે દરરોજની સરખામણીએ ૧૪ ગણો વધારે મોટો અને ૩૦ ટકા વધારે ચમકદાર દેખાયો હતો. સાંજે ૬.૨૦ વાગ્યાથી આની શરૂઆત થયા બાદ ૯.૪૦ વાગ્યા સુધી તેની અસર રહી હતી. દુનિયામાં ૧૫૦ વર્ષ બાદ આ પ્રકારની ઘટના જોવા મળી હતી.

## વિચાર વૈભવ...

'તને ખ્યાલ છે?'
'શું'
'તું આજે સ્કુલમાં મોડો પડ્યો છે'
'કારણ હતું'
'શું?'
'હું સ્વપ્નમાં લંડન ગયો હતો'
'અને તારો મિત્ર?'
'એને ય કારણ હતું'
'શું?'
'સ્વપ્નમાં એ મને એરપોર્ટ પર મૂકવા આવ્યો હતો'

*****

દાહકતા એ આગનો ગુણ છે, શીતળતા એ બરફનો ગુણ છે, કડવાશ એ કારેલાનો ગુણ છે અને મીઠાશ એ સાકરનો ગુણ છે. પણ મન? તર્ક, અહંકાર,વિચાર અને દલીલ એના આ ચાર મુખ્ય ગુણો છે. જે પણ આ ગુણોનું શરણ સ્વીકારી બેઠો એ કયા દુર્ગુણોનો શિકાર ન બની બેઠો એ પ્રશ્ન છે. યાદ રાખજો, મન નોકર તરીકે મહાન છે પણ માલિક તરીકે ખતરનાકમાં ખતરનાક છે. ઉત્તમ એવા આ જીવનને જો સાર્થક કરી દેવા માગો છો તો મનને કોઈ પણ સંયોગમાં માલિક ન બનવા દો.

- શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

## સાર સમાચાર...

### અમદાવાદ સહિત રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં વધારો

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્ય ભરમાં મિશ્ર વાતાવરણની સ્થિતિ જોવા મળી રહી છે. ગરમીનું પ્રમાણ હવે જોવા મળી રહ્યું છે. બપોરના ગાળામાં તાપનો અનુભવ પણ લોકો કરી રહ્યા છે. આગામી દિવસોમાં પણ ગરમીમાં વધુ વધારો થઈ શકે છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૩.૧, ગાંધીનગરમાં ૧૨, નલિયામાં ૧૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. બીજી બાજુ હવામાન વિભાગ તરફથી આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહી શકે છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થવાના સંકેત દેખાઈ રહ્યા છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭.૪ અને લઘુત્તમ તાપમાન ૧૩.૧ ડિગ્રી નોંધાયું હતું.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

તા.૨૩મીએ મતગણતરી હાથ ધરાશે

## રાજયની બે જિલ્લા પંચાયત, ૧૭ તાલુકા પંચાયતમાં આચારસંહિતા અમલી

### ત્રીજી ફેબ્રુઆરીએ જાહેરનામું જારી થઇ જશે

અમદાવાદ

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં આજે રાજયમાં બનાસકાંઠા અને ખેડા જિલ્લા પંચાયત મળી બે જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણીની તારીખ રાજયના ચૂંટણી કમિશનર વરેશ સિંહા દ્વારા જાહેર કરવામાં આવી હતી. જે મુજબ, બનાસકાંઠા અને ખેડા જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણી તા.૨૧મી ફેબ્રુઆરીના રોજ યોજાશે. જો કે, રાજયની આ બે જિલ્લા પંચાયતો અને ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણી અંગેનું વિધિવત્ જાહેરનામું તા.૩જી ફેબ્રુઆરીએ પ્રસિધ્ધ કરાશે અને ત્યારથી આ બે જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતમાં ચૂંટણી આચાર સંહિતા લાગુ થશે.રાજયના ચૂંટણી કમિશનર વરેશ સિંહાએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા અને ખેડા જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી કરવા અંગે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ તા.૮-૨-૨૦૧૮ રહેશે. ઉમેદવારી પત્ર ચકાસણીની તારીખ તા.૯-૨-૨૦૧૮ રહેશે. તા.૨૧મી ફેબ્રુઆરીએ આ બંને જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણી માટેનું મતદાન યોજાશે. જેમાં ઈવીએમનો ઉપયોગ થશે. આ ચૂંટણી દરમ્યાન પણ મતદારો પોતાના મતાધિકાર દરમ્યાન નોટાનો ઉપયોગ કરી શકશે. જો કોઇ સંજોગોમાં ફેર મતદાનની સ્થિત સર્જાય તો, તા.૨૨મી ફેબ્રુઆરીએ પુનઃ મતદાન યોજવામાં આવશે. ત્યારબાદ તા.૨૩મી ફેબ્રુઆરીએ આ બંને જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણીની મત ગણતરી હાથ ધરી પરિણામો જાહેર કરવામાં આવશે. ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા બે દિવસ પહેલાં જ રાજયની ૭૫ નગરપાલિકાઓની આ ચૂંટણી અંગેનું સત્તાવાર જાહેરનામું પ્રસિધ્ધ કરાયું હતું, જે મુજબ આગામી તા.૧૭મી ફેબ્રુઆરીના રોજ રાજયની ૭૫ નગરપાલિકાઓની ચૂંટણી યોજાનાર છે.

## બનાસકાંઠા જિલ્લા પંચાયત અને ૧૪ તાલુકા પંચાયતોની ચૂંટણી

### આખરે બનાસવાસીઓની આતુરતાનો અંત

ડીસા

આખરે બનાસકાંઠા જિલ્લા પંચાયત અને ૧૪ તાલુકા પંચાયતોની ચૂંટણી જાહેર થતા બનાસવાસીઓની આતુરતાનો અંત આવ્યો છે. જે ચૂંટણીનું નવા સીમાંકન મુજબ મતદાન ૨૧ મી ફેબ્રુઆરીએ થશે.

બનાસકાંઠા જિલ્લા પંચાયતની ૫૫ બેઠકો પૈકી હાલમાં ભાજપની ૨૮ અને કોંગ્રેસની ૨૭ બેઠકો છે. તેથી જિલ્લા પંચાયત ઉપર પાતળી સરસાઈથી ભાજપનો કબજો છે પરંતુ તેની ટર્મ પૂર્ણ થતા ચૂંટણીની કાગડોળે રાહ જોવાની હતી. જોકે આ વખતે નવા સિમાંકનને લઈ ઉહાપોહ છવાયો હતો. કોંગ્રેસ આગેવાનો દ્વારા છેક હાઈકોર્ટ સુધી રજુઆતો કરાઈ હતી. જેના કારણે ચૂંટણી અટવાઈ હતી. પરંતુ ગઈકાલે ચૂંટણી




પંચ દ્વારા થયેલ જાહેરાત મુજબ બનાસકાંઠા જિલ્લા પંચાયત અને ૧૪ તાલુકા પંચાયતોની પણ ચૂંટણી જાહેર કરાઈ છે. જેથી ચૂંટણીને લઈ લોકોની રજુઆતોનો અંત આવ્યો છે. ચૂંટણીના કાર્યક્રમ મુજબ ૩ થી ૮ ફેબ્રુઆરી સુધી ફોર્મ ભરાશે. ત્યારબાદ ૯ ફેબ્રુઆરીએ ચકાસણી અને ૧૦ ફેબ્રુઆરીએ ફોર્મ પરત ખેચાશે. અને ૨૧ ફેબ્રુઆરીએ મતદાન થશે. ચૂંટણી જાહેર થતા જ વિધાનસભા બાદ ફરી એકવાર જિલ્લામાં રાજકીય ગરમાવો છવાયો છે.

### નવું સિમાંકન કોને ફળશે ?

નવા સિમાંકન મુજબ આ વખતે જિલ્લા પંચાયતની બેઠકો વધીને ૬૬ થઈ છે એ જ રીતે ૧૪ તાલુકા પંચાયત બેઠકોમાં પણ વધારો થયો છે જેથી ઘણી બેઠકોમાં ગામડાઓમાં ભારે ફેરબદલ થયો છે. જેના કારણે કોંગ્રેસે નવું સીમાંકન ભાજપને ફાયદા માટે કરાવ્યું હોવાના આક્ષેપો કર્યા હતા. ત્યારે હવે નવું સીમાંકન કોને ફળશે ? તેની ખબર ૨૩ ફેબ્રુઆરીએ મત ગણતરી થયા બાદ પડશે.

## ઉંઝા નજીક સોના - ચાંદીના વેપારીને લુંટવાનો પ્રયાસ

### અજાણ્યા છ શખ્સોએ હવામાં ફાયરીંગ કર્યુ

ઉંઝા

ગત મોડી સાંજે ઊંઝા-ડાભી માર્ગ પર મોટરકાર હંકારીને ઘર તરફ જતા સોના ચાંદીના ધંધાર્થીની કારને પાછળથી આવેલ બોલેરો ગાડીએ ટક્કર મારી અંદરથી ઉતરેલા પાંચથી છ જેટલા બુકાનીધારી ધાડપાડુઓની ટોળકીએ હવામાં ફાયરીંગ કરી ધાડનો પ્રયાસ કર્યો હોવાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી ફેલાઈ છે.

બનાવની વિગત એવી છે કે, ઊંઝા નજીકના સુરજનગર (ડાભી) ગામે રહેતા ભરતભાઈ વિઠ્ઠલભાઈ પ્રજાપતિ ઉંઝા ખાતે શિલ્પ કોમ્પલેક્ષમાં કેશર ભવાની નામે જ્વેલર્સની દુકાન ધરાવે છે. નિત્યક્રમ મુજબ ગઈકાલે મોડી સાંજે આ ધંધાર્થી દુકાન બંધ કરીને પોતાની આઈટેન મોટરકાર હંકારીને સુરજનગર ઘરે જવા નીકળ્યા હતા.

ત્યારે માર્ગમાં સિંહીથી પાછળ એક બોલેરો ગાડી આવતી હોઈ તેને આગળ વધવા સાઈડ આપતાં અચાનક પાછળથી બોલેરો ગાડીએ આઈટેન કારને ટક્કર મારી હતી. જેથી આ કાર રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી. બાદ બોલેરોમાં સવાર પાંચથી છ જેટલા સશસ્ત્ર બુકાનીધારી શખ્સો જેઓએ હાથમાં ધોકા તથા રીવોલ્વર ધારણ કરેલ હતા. તે પૈકી એક શખ્સે હવામાં ફાયરીંગ કરી ધંધાર્થીને ભયભીત કરી દીધો હતો. આ સમયે ગ્રામ્ય માર્ગ પરથી કેટલાક વાહનો નીકળતા ધંધાર્થીએ ચોરચોરની બુમરાડ કરી હતી. આથી ધાડપાડુ ટોળકી બોલેરો કારમાં બેસીને ઝડપથી ક્યાંક ફરાર થઈ ગઈ હતી.

આમ ઊંઝા નજીકના ડાભી ગ્રામ્ય માર્ગ પર મોડી સાંજે જ્વેલર્સને લૂંટી લેવાના ઈરાદે અજાણ્યા હથિયારધારી શખ્સોએ હવામાં ફાયરીંગ કરીને ધાડ પાડવાનો પ્રયાસ કરતાં આ વિસ્તારના લોકોમાં ભયની લાગણી પ્રસરી છે.

દરમિયાન ઉપરોક્ત ગંભીર ઘટના સંદર્ભે ઉનાવા પોલીસ મથકે કોઈ ગુનો નોંધાયો નથી. ફક્ત અરજીના આધારે પોલીસે જાણવા જોગ નોંધ કરીને તપાસ હાથ ધરી છે. આથી પોલીસની કાર્યશૈલી સામે પ્રજામાં શંકા કુશંકાઓ જાગી છે.

## ભાજપ શાસિત પાલનપુર પાલિકાની સાધારણ સભા યોજાઈ

### ગેરરિતીના આક્ષેપો વચ્ચે તોતિંગ ટેક્ષ વધારાનો ઠરાવ પેન્ડિંગ રહ્યો

### પાલિકા પ્રમુખ-સી.ઓ.ની ગેરહાજરી ચર્ચાની એરણે ચડી




પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા યોજાઈ હતી. પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરની અનઉપસ્થિતિ માં યોજાયેલી સભામાં ભ્રષ્ટાચાર ના મુદ્દે વિપક્ષે શાસક પક્ષ પર પસ્તાળ પાડતા સભા તોફાની બની હતી. જોકે, વિપક્ષના રૌદ્ર સ્વરૂપ વચ્ચે શાસક પક્ષ દ્વારા પણ પાણી અને સફાઈમાં કમરતોડ ભાવવધારાનો ઠરાવ પેન્ડિંગ રખાતા અનેક તર્ક વિતર્કો વહેતા થયા છે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા પ્રમુખ નિલમબેન જાની અને ચીફ ઓફિસર પંકજ બારોટ રજા ઉપર હોવાથી હાજર રહ્યા ન હતા. જેથી ઇન્ચાર્જ પ્રમુખ અશોકભાઇ ઠાકોરના અધ્યક્ષ સ્થાને સભા યોજાઈ હતી. જેમાં ગત સાધારણ સભાની કાર્યનોંધને બહાલી આપવાની કાર્યવાહીથી લઈને કારોબારી સમિતિના ઠરાવોને મંજુરી આપવા સહિત એજન્ડા નં.૪ ના એસ. જે. એસ. આર. વાય સમિતિના ઠરાવોને વિપક્ષના નેતા અમૃત જોષી, સદસ્યા આશાબેન રાવલ, ઈબ્રાહિમ ભાઈ સિંધી, ગુલશનબેન વખારીયાના વિરોધ સાથે બહુમતીથી મંજુર કરવામાં આવ્યા હતા. આજની સાધારણ સભામાં નવા સી.સી. રોડ બનાવવામાં તેમજ રસ્તા ઉપરના ખાડા પુરવામાં

અનુસંધાન પાના નં.૬

### કમરતોડ વધારો : ભાજપી નગરસેવકો જ અજાણ

પ્રાથમિક સુવિધાઓ આપવામાં નિષ્ફળ રહેલી પાલનપુર નગર પાલિકા દ્વારા હાલમાં પાણી વેરો રૂપિયા ૩૬૦ લેવામાં આવી રહ્યો છે. તે વધારીને રૂપિયા ૧૦૦૦ અને સફાઈવેરો રૂપિયા ૨૦૦થી વધારીને રૂપિયા ૩૬૦ અને લારી- ગલ્લાવાળાઓ પાસેથી મહિને રૂપિયા ૫૦૦નો વેરો વસુલવાનો ઠરાવ પક્ષ- વિપક્ષના સભ્યોને વિશ્વાસમાં લીધા કરવાની હિલચાલ હાથ ધરાઈ હતી.જેમાં ખુદ ભાજપી નગરસેવકોને પણ વિશ્વાસમાં ન લેવાતા મામલો ગૂંચવાયો હતો. ત્યારે વિપક્ષના વિરોધ વચ્ચે ખુદ ભાજપી નગરસેવકોએ ઠરાવ પેન્ડિંગ રાખવાની કરેલી દરખાસ્તને પગલે પારોઠના પગલાં ભરતા શાસક પક્ષને આ વિવાદિત ઠરાવ પેન્ડિંગ રાખવાની ફરજ પડી હતી.

### રિક્ષા ચાલકોનો હોબાળો

પાલનપુર પાલિકાની સાધારણ સભા ટાણે જ રિક્ષા ચાલકો મોટી સંખ્યામાં ધસી આવ્યા હતા. જેઓએ છેલ્લા ૧૬ વર્ષથી રિક્ષા સ્ટેન્ડોની માંગણી સંતોષાતી ન હોઈ જો પંદર દિવસમાં આ અંગે નિર્ણય નહી લેવામાં આવે તો તમામ રિક્ષાઓનાપાલિકા કચેરીમા જ ધામા નાંખવાની ચિમકી ઉચ્ચારી હતી. આ મુદ્દે પાલિકા ઈન્ચાર્જ પ્રમુખ અશોક ઠાકોર સાથે શાબ્દિક ટપાટપી થતાં ભારે હોબાળો મચી ગયો હતો. જોકે અન્ય સદસ્યોએ સમજાવટથી મામલો થાળે પાડ્યો હતો.

### ધ્વજ વંદન માટે ચાર્જ..!!!

ભાજપ શાસિત પાલનપુર પાલિકા ના પ્રમુખ રજા પર ઉતરી ગયા છે. ત્યારે અચાનક ઉપ પ્રમુખને ચાર્જ અપાતા અનેક તર્ક વિતર્કો વહેતા થયા છે. ઉપ પ્રમુખને માત્ર ધ્વજ વંદન કરવાની તક આપવા માટે જ ચાર્જ અપાયો હોવાની ચર્ચા વચ્ચે સાધારણ સભામાં ભ્રષ્ટાચારના મુદ્દે વિપક્ષ ના આક્રમણને ખાળવા પાલિકા પ્રમુખ "બળતું ઘર કૃષ્ણાર્પણ" કરી ઉપ પ્રમુખને ચાર્જ આપ્યો હોવાની ચર્ચાએ પણ વેગ પકડ્યો છે. જોકે, ચાર્જ આપવા ના મુદ્દે ખુદ ભાજપ શહેર સંગઠન પણ અંધારામાં રખાયું હોવાની વહેતી થયેલી વાતો વચ્ચે હવે સાધારણ સભા સંપન્ન થતા પાલિકા પ્રમુખ સત્વરે ચાર્જ સાંભળી લેશે તેવું ખુદ ભાજપી નગરસેવકોમાં ચર્ચાઈ રહ્યું હતું.

CMYK

સૂર્યોદય - ૭.૨૩ સૂર્યાસ્ત - ૬.૨૬

## તિથિદર્શન મહા સુદ-૧૫ બુધવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ મહા સુદ :પુનમ બુધવાર નક્ષત્ર:પુષ્ય સાંજે ૫.૨૬ પછી આશ્લેષા યોગ : આયુષ્યમાં કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી મીથુન (ક.છ.ઘ.) સાંજે ૩.૦૦ પછી કર્ક (ડ.હ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### અતિ દાનાત્બલિર્બધ્ધા હ્યતિમાનાત્સુયોધનઃ વિનષ્ટો રાવણો લોભ્યાદતિ સર્વત્ર વર્જયેત

કોઈ પણ બાબતમાં ‘અતિરેક’ કરવો નહીં અતિરેકથી ‘નાશ’ થાય છેઃ

‘વધારે પડતાં દાનથી બલિરાજાને બંધનમાં મૂકાવું પડ્યું, વધારે પડતો લોભ કરવાથી રાવણનો નાશ થયો. માટે કોઈ પણ બાબતમાં ‘અતિ’ વધારે પડતું, કંઈ પણ કરવું નહીં.’

આજકાલ નેતાઓ- અભિનેતાઓ- સરકારી સાહેબો અને ઉદ્યોગપતિઓ સામાન્યતઃ પોતાના વૈભવનો ખાસ પ્રસંગે ખૂબ દેખાડો કરતા હોય છે. લગ્ન- જમણ પાર્ટી- ભેટ સોગાદો આપવી, દારૂખાના ફોડવાં એમાં એમની સમૃધ્ધિ છલકતી હોય છે અને એમનો છૂપો ઈરાદો ‘ઝલક’ દેખાડવાનો ખાસ હોય છે. આવા અતિરેકથી બીજો કોઈ તો જુએ કે ન જુએ પણ ‘ઈન્કમટેક્ષ’ વાળા ચાર આંખે જુએ છે અને પછી ‘બંધન’માં આવે છે.

કોઈ પણ બાબતમાં અતિરેક હાનિકારક છે, કસરત કરવી, ખોરાક ખાવો, વાતો- બોલબોલ, મોબાઈલ ઉપયોગ, હસાહસ, મસ્તી- મજાક, ગાંભીર્ય આ બધી આ બાબતો ‘અતિ’માં મજા નહીં.

અહીં પ્રાચીન દૃષ્ટાંતોથી આ વાત સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) પરિવારજનોમાં યશની પ્રાપ્તિ થાય. માંગલિક પ્રસંગોનું આયોજન થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.) નવા આયોજનો ન કરવા હિતાવહ. મહત્વના કાર્યો સંભાળીને કરવા.**

**મિથુન : (ક.છ.ઘ.) આરોગ્ય બાબતે સંભાળવું. નાણાંકીય કાર્યમાં સફળતા મળે.**

**કર્ક : (ડ.હ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. આકસ્મીક ધન વ્યય થાય.**

**સિંહ : (મ.ટ.)નવિન કાર્યમાં સફળતા મળે. આર્થિક મુંઝવણમાંથી માર્ગ મળે.**

**કન્યા : (પ.ઠ.ણ.) નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે. વ્યર્થ ચિંતા રહે.**

**તુલા : (ર.ત.) કાર્યમાં વિલંબથી સફળતા મળે. વ્યર્થ વાલ-વિવાદ ન કરવો હિતાવહ.**

**વૃશ્ચિક : (ન.ય.)કાનુની બાબતે લાભ. આવકમાં વૃધ્ધિ થાય.**

**ધન : (ભ.ફ.ધ.) મહત્વના નિર્ણયો લઇ શકશો. દિવસ આનંદ ભર્યો પસાર થાય.**

**મકર : (ખ.જ.)વ્યાપાર ઉધોગ બાબતે ચિંતા રહે. મિલન-મુલાકાત સફળ થાય.**

**કુંભ : (ગ.શ.સ.) સંતાનોથી સહકાર મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.**

**મીન : (દ.ચ.જ.થ.) સ્નેહિજનોથી અસંતોષ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

શિક્ષણ અને સમાજસેવાની પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત એવા શ્રી મોતીભાઈ અમીનની પુણ્યતિથિ છે.

એમનો જન્મ તા.૨૯-૧૧-૧૮૭૩ના રોજ એમના મોસાળ અલિંદ્રામાં થયો હતો.

પ્રજામાં શિષ્ટ વાચનનો ફેલાવો થાય એ હેતુથી એમણે આરંભેલી પુસ્તકાલય પ્રવૃત્તિ આજે તો વટવૃક્ષ બની છે અને એટલે જ તેઓ પુસ્તકાલય પ્રવૃત્તિના જનમ કહેવાય છે.એમનું તા.૧-૨-૧૯૩૯ના રોજ અવાસન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૦૧.૦૨.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૧૧૩૦ પોઈન્ટ મહત્વની સપાટી....!!!**

**તા. ૩૧.૦૧.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૦૫૮ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૯૩૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૯૦૯ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૧૦૯૩ પોઈન્ટ થી ૧૧૧૧૩ પોઈન્ટ, ૧૧૧૩૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૧૧૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૩૧.૦૧.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૭૪૬૮ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૭૨૭૦ પોઈન્ટના પ્રથમ અને ૨૭૦૨૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૭૫૦૫ પોઈન્ટ થી ૨૭૫૭૫ પોઈન્ટ, ૨૭૬૦૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૭૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**HDFC લિમિટેડ (૧૯૬૮) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૯૪૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૯૩૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૮૩ થી રૂ.૧૯૯૦ ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૦૦૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**લાર્સેન લિમિટેડ (૧૪૩૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૧૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૪૦૪ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સિમેન્ટ સ્ટોક રૂ.૧૪૪૭ થી રૂ.૧૪૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**લ્યુપિન લિમિટેડ (૮૮૬) :- રૂ.૮૭૦ નો પ્રથમ તેમજ રૂ.૮૬૩ ના બીજા સપોટ-’થી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૮૯૮ થી રૂ.૯૦૯ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ઓરબિન્દો ફાર્મા (૬૩૦) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૬૪૨ થી રૂ.૬૫૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૬૧૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**એકસિસ બેન્ક (૫૯૬) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૮૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક બેન્ક સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૦૯ થી રૂ.૬૧૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ડો. huœe (૨૨૩૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટર નો આ સ્ટોક રૂ.૨૨૬૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૨૧૭ થી રૂ.૨૨૦૨ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૨૨૭૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**એશિયન પેઈન્ટ (૧૧૩૭) :- રૂ.૧૧૫૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૬૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૨૦ થી રૂ.૧૧૧૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૭૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**તાતા સ્ટીલ (૭૧૦) :- સ્ટીલ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૭૩૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૬૯૬ થી રૂ.૬૯૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**સિપ્લા લિમિટેડ (૫૯૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેકટરનો આ સ્ટોક રૂ.૬૦૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૮૬ થી રૂ.૫૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૧૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ કેપિટલ (૪૮૮) :- રૂ.૫૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ફાઇનાન્સ સેકટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૪૭૬ થી રૂ.૪૬૬નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૫૨૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

## થરાદ પ્રા.શાળ નં-૨ (કન્યા શાળા)ના બાળકોએ ગૌરવ વધાર્યું


વિષ્ણુ દવે

પ્રતિ. થરાદ

થરાદ પ્રાથમિક શાળા નં-૨ માં અભ્યાસ કરતા બાળકોએ સને-૨૦૧૭ માંલેવાયેલ એન.એમ.એમ. એસની પરિક્ષામાં કુલ સાત બાળકો ઉતીર્ણ થયા હતા. જેમાં પ્રજાપતિ ખુશાલી, પ્રજાપતિ રીંકલ, દરજી રાહુલ, રાવળ પ્રવિણ, રાજપુત મહેશ, દરજી રાજેશ, રાજપુત સરોજ વિગેરે બાળકોએ મેરીટમાં આવી સારા માર્કસ મેળવી ઉતિર્ણ થયેલ છે. જેઓને આચાર્ય ડી.એસ. રાજપુતના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકો રમેશભાઈ બ્રાહ્મણ શૈલેષભાઈ પંડ્યા અને શિતલબેન પટેલ એ બાળકોને પરિક્ષાલક્ષી સુંદર તૈયારી કરાવી બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડેલ પાસ થનાર તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર, સી.આર.સી અને એસ.એમ.સી તરફથી બિરદાવી બાળકો સતત પ્રગતિના સોપાનો સર કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

## લાલપુર પ્રા.શાળામાં તીથી ભોજન અપાયું


બાબુભાઈ મેમણ

પ્રતિ. લાલપુર

લાખણી તાલુકાના લાલપુર ગામના પટેલ (ચૌધરી) વરજાંગભાઈ ગમનાભાઈ ના નિવાસ સ્થાને પુત્રી પવનબેનના જન્મ દિવસ નિમિત્તે રાત્રે કથા જાગરણ કરી સવારે ભોજન પ્રસાદ આપવામાં આવ્યો જેમાં ગામની શાળાના બાળકો ને પણ તીથી ભોજન આપવામા આવ્યું આશરે ૬૫૦ બાળકોએ ભોજન પ્રસાદ લીધો,આ પ્રંસેગે સગા સંબંધીઓ કુંટુબીજનો, ગામના અગ્રણીઓએ પધારી કથા તેમજ ભોજન પ્રસાદનો લાભ લીધેલ શાળાના આચાર્ય શંકરભાઈ પિલિયાતેર આભાર વ્યક્ત કર્યા હતો. આ પ્રસંગે ડૉ.કમલેશભાઈ ચૌધરી, સરપંચ ભલાજી ઠાકોર, ડે.સરપંચ ભુદરાભાઈ પટેલ, મુ.શિ.નરેશભાઈ પટેલ, રોનક દેસાઈ, દુદાભાઈ પટેલ વિગેરે રાજ્ય રહ્યાં હતા.

## ખાણોદર(જુના) ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી


નવિન દોશી

પ્રતિ. મીઠીપાલડી

દિઓદર તાલુકાના ખાણોદર (જુના) ગામે ૬૯ મા પ્રજાસત્તાક દિનની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પ્રથમ પ્રભાતફેરીનુ આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગામની દિકરી કાજલબેન દશરથભાઈ નાઈ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા અભિનયગીત, દેશભક્તિ ગીત, નાટકો જેવા કુળ મળીને ૧૭ જેટલા પ્રોગામો રાખવામાં આવ્યા હતા. ત્યાર બાદ ધોરણ ૮ માં ભણતી કાજલ સરદારજી ઠાકોર દ્વારા પિતા-પુત્રીનો સંબંધ શુ છે.? એના વીશે સરસ વક્તવ્ય આપવામાં આવ્યું અને ગામ લોકોના દિલ જીતી લીધા હતા આ કાર્યક્રમમાં શાળના આચાર્ય વેલાભાઈ ઠાકોર હાર્દિકભાઈ પટેલ અને શાળાના શિક્ષકોનો સ્ટાફગણ તથા ગામના સરપંચ મોબતાજી સેંધાજી અને ગામના યુવાન ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભ વધારી હતી કાર્યક્રમના અંતમા સરપંચશ્રી દ્વારા શાળાના વિદ્યાર્થીઓને પ્રોતસાહિત ઈનામ આપી કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

## ચિત્રાસણી હાઈવે ઉપર વાહનની ટક્કરથી રાહદારીનુ મોત


સંજય જોષી

પાલનપુર

પાલનપુર આબુરોડ હાઈવે ઉપર ચિત્રાસણી નજીક ગત મોડી સાંજે રોડ ક્રોસ કરી રહેલા એક રાહદારીને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. આ બનાવની જાણ થતાં પોલીસ તેમજ એલ.એન.ટી.સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

## શ્રી લવાણા પે.કેન્દ્ર.શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લાખણી

લાખણી તાલુકા ના શ્રી લવાણા પે.કેન્દ્ર શાળા ના ૮૦ જેટલા બાળકો તા. ૨૮/૨૯ ના બે દિવસીય શૈક્ષણિક પ્રવાસમાં જોડાયા હતા. જેમાં દાંતીવાડા ડેમ, કેદારનાથ અભ્યારણ, વિસ્વેશ્વર પ્રકૃતિધામ તેમજ માં અંબાના ચરણે રાત્રિરોકાણ કરી સવારે કુંભારીયાના ઐતિહાસિક જૈન મંદિર નિહાળી ત્યાંથી ખેડબ્રહ્મા ત્યાંથી તિરુપતિ ઋષીવન એડવેન્ચર પાર્ક નિહાળ્યા બાદ ત્યાંથી ઐઠોર ગણપતિદાદાનાં દર્શન કરી માં ઉમિયાનાધામે જમી રાત્રે પરત લવાણા આવેલ.

આ શૈક્ષણિક પ્રવાસમાં બાળકોને કેદારનાથ અભ્યારણમાં કુદરતના ખોળે ખેલવાની, વિશ્વેશ્વરમાં વહેતા ઝરણાઓમાં નવાની ખુબજ મજા આવી, તો માં અંબાના દર્શન કરી પગપાળા ગબ્બર ચડી ધન્યતા અનુભવી , તેમજ બીજદિવસે તિરૂપતિ ઋષિવનમાં જુદી જુદી અજાયબીઓ નિહાળી બધીજ રાઈડોમાં બેસી આખો દિવસ ખુબજ મજા કરી .

આ શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીઓના વાલીઓએ શાળાપરિવાર પર વિશ્વાસ મૂકી પોતાના બાળકને પ્રવાસમાં મુકવા બદલ શાળાના આચાર્યશ્રી દશરથભાઈ વાઘેલા સૌનો આભાર વ્યક્ત કરે છે.

## માલોત્રા પ્રા.શાળા ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી


ઈદ્રિશ મેમણ

પ્રતિ. માલોત્રા

ધાનેરાના માલોત્રા ખાતે આવેલ પ્રાથમિક શાળામાં ૬૯ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગામના સરપંચ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કન્યા કેળવણી શિક્ષણનું મહત્વ વગેરે જેવી થીમ દ્વારા ઉપસ્થિત લોકોને માહિતગાર કર્યા હતા. અંતે દાતા રાવતાભાઈ પ્રજાપતિએ બાળકોને નોટબુક અને બોલપેન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## વડગામ આર્ટસ કોલેજનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

તા.પ્રતિનિધિ વડગામ

શ્રી યુ.એચ. ચૌધરી આર્ટસ કોલેજ, વડગામમાં પ્રિ.ડૉ.એલ. વી.ગોળના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્રના ચાર દિવસીય પ્રવાસનું આયોજન કર્યું હતું. તા. ૨૬/૧/૧૮ થી તા.૩૦/૧/૧૮ સુધી યોજાયેલ. આ પ્રવાસમાં પ્રા.ડૉ.ભારમલભાઈ પી.કણબી, ડૉ.રમેશભાઈ ચૌધરી, પ્રા.મિનલબેન વ્યાસ તથા ૫૩ વિદ્યાર્થી ભાઈ-બહેનો જોડાયા હતા. પ્રવાસમાં નવા રણુંજા, દ્વારકા, બેટ દ્વારકા, નાગેશ્વર મહાદેવ, હરસિધ્ધ માતા, પોરબંદર, કીર્તિમંદિર, સુદામાપુરી, માધવપુરા ચોપાટી, ભાલકા તીર્થ, સોમનાથ (પ્રભાસ પાટણ) જૂનાગઢ, ગિરનાર, ખોડલધામ (કાગવડ) તથા વિરપુર જેવા સ્થળોની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓને આ પ્રવાસમાં ધાર્મિક, ઐતિહાસિક, પ્રકૃતિ તથા શૈક્ષણિક સ્થળોની મુલકાત લઈ ધન્યતા અનુભવી હતી.

## બાલારામ સઘનક્ષેત્રમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

પાલનપુર

શ્રી બાલારામ સઘનક્ષેત્ર, “વિમળા જ્યોત” ચિત્રાસણીમાં ૬૯ મા ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અપેક્ષાબેન દેસાઈના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ગામના અગ્રણી દોલતખાન સિંધીના હસ્તે અપેક્ષાબેનને પ્રમાણપત્ર અને ટ્રોફી તથા આ નિમિત્તે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને જિલ્લા નહેરૂ યુવા કેન્દ્ર પાલનપુર દ્વારા પ્રમાણપત્રો અને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

## રાધનપુર કોલેજમાં જી.એસ.ટી. પર વ્યાખ્યાન યોજાયું



રાધનપુર

‘‘હિંમત વિદ્યાનગર’’ સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા. ૨૯/૦૧/૧૮ ના રોજ ડીસાના ખ્યાતનામ વકીલ તથા બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ ટેક્ષ પ્રેક્ટીશ્નર એસોસીયેશનના પ્રમુખ રાજુભાઈ ઠક્કરનું જી.એસ.ટી. વિષય પર વ્યાખ્યાન યોજાયું. તેમાં તેમણે આવનાર સમયમાં જી.એસ.ટી. ના કારણે ઉપલબ્ધ થનાર તકો અને અવરોધો પર રસપ્રદ અને વિસ્તૃત માહિતી આપેલ. કાર્યક્રમની શરૂઆત શ્લોક ગાનથી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિ.ડૉ.સી.એમ. ઠક્કરે મહેમાનોને આવકારેલ. કાર્યક્રમનું સંચાલન પ્રા.કે.સી. ઠક્કરે તથા આભારવિધિ ડૉ.ચિરાગભાઈ રાવલે કરેલ. આ કાર્યક્રમમાં પ્રા.રંજનબેન ગોહિલ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ. ચાલુ સાલે યુનિ.બી.કોમ. ના અભ્યાસક્રમમાં જી.એસ.ટી. વિષય દાખલ કરવામાં આવેલ છે.

## વી.ડી.પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી


જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

જુનાડીસા વી.ડી પ્રાથમિક શાળામાં ૬૯ ના પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી આ ત્રણે સૌથી વધુ ભણેલી દીકરી અંજનાબેન શંકરજીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતુ શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ રમતોનુ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું સ્વ.હેદુજી સ્વરૂપજીના સ્મરણાર્થે શાળામાં અંજતાની દીવાલ ઘડીયાળ ભેટ આપવામાં આવી હતી આ પ્રસંગે શાળાના એસ.એમ.સી. ના સભ્યો, ખેતાજી સોલંકી બાબુજી સોલંકી તેજાજી સુંદેશા, સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ફારૂકભાઈ માસ્ટરે કર્યું હતું.

## માલોત્રામાં શહીદોને અંજલિ


એન.કે. મોદી

ધાનેરા તાલુકાના માલોતરા ગામની અનુપમ શાળામાં ગાંધી નિર્વાણ તથા શહીદદીન નિમિત્તે શહીદોને યાદ કરી લોકોમાં ભાઈચારો વધે અને શાંતી અને સલામતી બની રહે તે માટે બાપુ એ આ ઉમદા કાર્ય હાથ ધરેલ. એ કાર્ય ઉપર આપણે ખરા ઉતરીએ અને ભારત ની આન બાનની રક્ષાકરીએ તે આસયથી આજે વીર યોધ્ધાને આજે ભાવ પૂર્વક શ્રધ્ધાજંલી આપી હતી.

## દુઃખદ નિધન



જુનાડીસા

ડીસા તાલુકાના જુનાડીસા ગામના મુસ્લિમ અગ્રણી અને સિનિયર વકીલ મહંમદખાન આલમખાન ચાવડા (એમ.એ. ચાવડા) નું ગત તા. ૩૦/૧/૨૦૧૮ ના રોજ આકસ્મિક નિધન થતા પંથકમાં શોકની લાગણી છવાઈ છે. નિડર વકીલની નામના ધરાવતા એમ.એ. ચાવડા બંધુત્વ અને એકતાના પ્રખર હિમાયતી હતા. તેમના જનાજામાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો સાથે હિન્દુ આગેવાનો પણ જોડાયા હતા. તેમનું બેસણું આજે તા. ૧/૨/૨૦૧૮ ને ગુરૂવારે તેમના નિવાસ સ્થાને ૪ થી ૭ ક. સુધી રાખેલ છે.

## ગુજરાતી ફિલ્મ ધાકડ ૨ ફેબ્રુઆરીએ રીલિઝ થશે



ગુજરાતી ફિલ્મ ધાકડ ૨ ફેબ્રુઆરીએ રીલિઝ થશે. સોશિયલ મીડીયામાં ખુબ જ લોકચાહના મેળવેલ છે. અત્યારે સોશિયલ મીડીયામાં ફેમસ બનેલું ગીત ‘જાણી લેજો રે..’ જેને ફેસબુક પર ૨ મીલીયનથી પણ વધુ લોકોએ જોયું છે અને આ રેકોર્ડ નોંધાવીને ગુજરાતી ફિલ્મ જગતમાં પોતાનું આગવું સ્થાન બનાવનાર ફિલ્મ ધાકડ ૨ ફેબ્રુ.ના રોજ રીલીઝ થવા જઈ રહી છે. ફિલ્મના પ્રોડયુસર હીતેશ માધુ અનુસાર ધાકડ એ એક ફેમીલી મુવી છે જેમાં ફેમીલી ડ્રામા પણ છે. તો સાથે સાથે કોમેડી અને રોમાન્સનો મસાલો પણ બતાવાયો છે. જે દર્શકોને ખુબ જ ગમશે. તેમનું કહેવું છે કે ધાકડ પૈસો વસુલ મુવી છે જેમાં મજાની સાથે દર્શકોને એક સારો મેસેજ પણ મળશે અને તેમને દર્શકોને અપીલ કરી હતી કે આખું પરિવાર આ મુવી જોવા જાય. ધાકડે એ ફેસબુકમાં ગીત અને ટ્રેલરના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે તેવો જ પ્રેમદર્શકો સીનેમાઘરોમાં જઈને દાખવે અને આપણી ફિલ્મને માણે. આ ફિલ્મ દીકરીની ઘરમાં શું ભૂમિકા છે, દિકરી ચાહે તો ઘરને સ્વર્ગ બનાવી શકે છે, બેટી બચાવો અભિયાન ઉપર આગવી ફિલ્મ બની છે.

## જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેરમાં ભાગ લેતા ટોકરીયાના શિક્ષક

તા પ્રતિ. વડગામ

જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરીત અને ડાયટ પાલનપુર તથા વિવિધલક્ષી વિદ્યામંદિર આયોજીત જિલ્લા કક્ષાનો એજ્યુકેશનલ ઈનોવેશન ફેર પાલનપુર વિદ્યામંદિરમાં યોજાયો. જેમાં જિલ્લાના પ્રાથમિક અને માધ્યમિકના પચાસ શિક્ષકોએ ભાગ લીધો. તેમાં ટોકરીયા શાળાના ઈનોવેટીવ શિક્ષક રામજીભાઈ રોટાતરે વેટમાંથી બેસ્ટ ઈનોવેશન રજૂ કર્યું. ચાર દિવસ ચાલેલા આ ઈનોવેશન ફેરમાં વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. તમામ ઈનોવેટીવ શિક્ષકોને પાલનપુર ડાયટના પ્રાચર્ય નોગસના હસ્તે શિલ્ડ તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.

## વડગામ નગરે પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો


પુષ્કર ગોસ્વામી

તાલુકા મથક વડગામના ઉપલાણા વાસમાં આવેલ શ્રી વહાવટી માતાજી મંદિરે ગતતા.૨૬/૧/૨૦૧૮ શુક્રવારે પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો, જેમાં વડગામ સહિત તાલુકાના દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ વડગામ ઉપલાણા તથા ખસોર પરિવારના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

## ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી માટે તા.૪ ફેબ્રુઆરીનાએ સ્થાનિક રજા

પાલનપુર

રાજય ચુંટણી આયોગ ગાંધીનગર ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચુંટણી તા.૦૪/૦૨/૧૮ના રોજ નક્કી કરવામાં આવેલ છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીના દિવસે શહેરો/નાના/મોટા ગામોમાં કેટલીક ગ્રામીણ બેંકો રાષ્ટ્રીવય અને ખાનગી બેંકો અને રાજય અને કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ તેમજ દુકાન વાણિજય સંસ્થાઓ, હોટલો, ઓધોગિક એકમો, કારખાનાઓ ફેકટરીઓ, રેલ્વે, ટેલીફોન, તારસ્પીડપોસ્ટ, સરકારી હોસ્પીટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય કેટલીક કચેરીઓ તેઓનો કારોબાર ચાલુ રાખે છે. આ સંજોગોમાં આવી કચેરીઓ, સંસ્થાઓના કર્મચારીઓ, કામદારો પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે મતદાનના દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી, કામદારને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે. ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણીમાં મતદારો સરળતાથી મતદાન કરી શકે અને મતાધિકરથી વંચિત ન રહે તે માટે સ્થાનિક કક્ષાએ રજા જાહેર કરવા સુચના આપેલ છે. જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી બનાસકાંઠાને મળેલ સત્તાની રૂએ મતદાનના દિવસે મતદારો તેમના મતાધિકારનો યોગ્ય ઉપયોગ કરી શકે જેથી મતદારની સરળતા ખાતર જાહેર રજા જાહેર કરવાની રહે છે. જે અન્વયે ગ્રામ પંચાયત સામાન્ય ચુંટણી વિસ્તાર પુરતી મતદાનના દિવસે તા.૪/૨/૧૮ના રોજ સ્થાનિક રજા જાહેર કરવા હુકમ કરવામાં આવ્યો છે.

## માલગઢ ગાયત્રી સંસ્કાર કેન્દ્ર દ્વારા ૨૪ ગામોમાં અનેકવિધ સેવા પ્રવૃત્તિ કરાશે


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

માલગઢ ગાયત્રી સંસ્કાર કેન્દ્ર દ્વારા પોતાના પંચવર્ષીય ગુરુદક્ષિણા કાર્યક્રમના ભાગરૂપે અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના મુખ્ય મથક શાંતિકુંજ હરિદ્વાર ખાતે ૬ પ્રતિનિધિઓનું મંડળ શાંતિકુંજમાં શ્રધ્ધેય શૈલદીદી પંડ્યા શાંતિકુંજના મનિષી વિશ્વેશ્વર ઉપાધ્યાયને આગામી પંચવર્ષીય કાર્યક્રમોની યોજનાઓ માટે મળ્યું હતું.

આ વર્ષો દરમિયાન માલગઢ ગાયત્રી સંસ્કાર કેન્દ્રના ૨૪ ગામોમાં વિવિધ કાર્યક્રમો સાધના સ્વાધ્યાય સેવા તથા સ્વાવલંબન જેવા અનેકવિધ કાર્ય યોજનાઓ શાંતિકુંજ હરિદ્વારથી વિશ્વેશ્વર ઉપાધ્યાય, ડૉ.ચિન્મય પંડ્યા અને શૈલદીદી પંડ્યાએ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૨ અને ૨૩ એપ્રિલ ૨૦૧૭ ના રોજ ગુજરાતની પ્રથમ ચરણપીઠની સ્થાપના માલગઢ ખાતે વિશ્વવિદ્યાલયના પ્રતિકુલપતિ ડૉ.ચિન્મય પંડ્યાના વરદ હસ્તે કરવામાં આવી હતી. જેથી તેનો પ્રથમ પાટોત્સવ પણ તા. ૨૧ અને ૨૨ એપ્રિલ ૨૦૧૮ ના રોજ માલગઢ ખાતે યોજાશે.

## લોરવાડા સી.આર.સી.કો.ઓડિનેટર દ્વારા કન્યા કેળવણીની પહેલ


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

કન્યાઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકાર દ્વારા બેટી પઢાવો, બેટી બચાવો, સ્ત્રી શક્તિકરણ જેવા અનેક જન આંદોલનોથી કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે. ત્યારે કન્યા કેળવણીને સાચા અર્થમાં લોરવાડા સી.આર.સી. કો.ઓડિનેટર તથા બોર્ડર ઓફ ડિરેક્ટર થી બનાસકાંઠા પ્રાથમિક શિક્ષકોની ગ્રાહક સહકારી મંડળીના જીતુભાઈ ભાટીયાએ દેશના ૬૯ પ્રજા સત્તાક દિવસની ઉજવણી વડાવળ પ્રાથમિક શાળામાં બાળકો સાથે કરી હતી. ત્યારે તેમણે વડાવળ શાળામાં ગતવર્ષે ધોરણ ૭ માં પ્રથમ નંબર આવેલ બાળાને એક વર્ષ સુધી દત્તક લઈ અભ્યાસનો તમામ ખર્ચ ઉપાડી લીધો હતો. તેમના આ કન્યા કેળવણીના અભિગમને દરેકે બિરદાવ્યો હતો.

લોરવાડા પે સેન્ટરના સી.આર.સી. તરીકે ફરજ સાથે કન્યા કેળવણીના સરકારના અભિગમને સાર્થક કરતા જીતુભાઈ ભાટીયાએ પ્રેરણાદાઈ પહેલ કરી શિક્ષણ ક્ષેત્રમાં નવી મિશાલ સ્થાપી છે.

## પશુપાલકો બજારૂ પશુ આહારની ગુણવત્તા બાબતે જાગૃતિ રાખે

### બનાસ ડેરી દ્વારા પશુઓ માટે સમતોલ આહાર યોજના અમલમાં

પાલનપુર

બનાસ ડેરી દ્વારા દૂધ ઉત્પાદકોને ફાયદાકારક અવનવી યોજનાની શરૂઆત કરવામાં આવેલ છે. ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના માર્ગદર્શન હેઠળ પશુપાલન ક્ષેત્રે પશુ સારવાર, કાંકરેજ ગૌવંશ સુધારણા, પશુ સંવર્ધન, મહેસાણી ભેંસ ઓલાદ સુધારણા, પશુ વંધ્યત્વ નિવારણ, ઉત્પાદકતા વૃદ્ધિ, સમતોલ આહાર વગેરે યોજનાઓ અમલમાં મૂકેલ છે.

પશુ ઉત્પાદકતા વધારવા માટે આનુવાંશિક ગુણો સાથે પશુપોષણ એ બહુ જ મહત્વનું છે. બનાસ દાણ ઉપરાંત પશુઓને તેમના વિવિધ શારીરિક તબક્કા પ્રમાણે પોષણ માટે અલગ અલગ જરૂરિયાત મુજબ વિવિધ બનાવટો જેવી કે બનાસ દાણ, હાઈપ્રો દાણ, બચ્ચા દાણ, ભેંસ દાણ, સગર્ભા દાણ, વિકાસ દાણ, ચીલેટેડ મિનરલની બનાવટ, બનાસ સુપરમિન, બનાસ પશુ સંજીવની પાવડર અને નવી બનાવટ બનાસ સુપર ફેટનું ઉત્પાદન, વિતરણ અને વેચાણ બનાસ ડેરી દ્વારા કરવામાં આવે છે. હાલમાં કેટલાક પશુપાલકો દૂધમાં ફેટ જાળવી રાખવા માટે બજારમાં ઉપલબ્ધ હલકી ગુણવત્તાવાળા પશુ આહારનો ઉપયોગ કરે છે જેના કારણે પશુઓનું આરોગ્ય જોખમાય છે અને આડકતરી રીતે આર્થિક નુકસાન થાય છે.

તાજેતરમાં કરેલ સર્વેક્ષણમાં જુદા જુદા વિસ્તારમાંથી ઉપલબ્ધ બજારુ ખાનગી કંપનીના પશુ આહારનું બનાસ ડેરીની લેબોરેટરીમાં ચકાસણી (પૃથક્કરણ) કરતાં તે દરેકમાં આફ્લાટોક્સીન નામનું ઝેરી તત્વ ખૂબ જ વધારે પ્રમાણમાં જોવા મળ્યું છે જેની લાંબા ગાળે પશુઓની પ્રજનન ક્ષમતા ઉપર ખૂબ જ માઠી અસર થાય છે. ઉપરાંત આવા પશુ આહારમાં ક્યારેક ધાતુ કે લોખંડ અને અન્ય નુકસાનકારક પદાર્થો પણ જોવા મળે છે.

બજારમાં ઉપલબ્ધ આ પ્રકારના દાણ કરતા બનાસ ડેરીનું હાઈપ્રો દાણ અને અન્ય દાણો અને ગુણવત્તા અને ભાવની દ્રષ્ટિએ ઘણું સારું છે. બનાસ ડેરીની પશુ આહારની બધી બનાવટોમાં ગુણવત્તા બાબતે ખૂબ જ કાળજી રાખવામાં આવે છે. પશુઆહારની બનાવટોમાં સારી ગુણવત્તાવાળા કાચા માલની પૂરેપૂરી ખાતરીપૂર્વક લેબોરેટરીમાં ચકાસણી કર્યા બાદ જ સ્વીકારવામાં આવે છેછ

અનુસંધાન પાના નં.૬

## ડીસા તાલુકાના ખેડૂતોએ સજીવ ખેતી અપનાવી

### સિમ્ફેડની જૈવિક ખેતી પરિયોજના સાર્થક નિવડી


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

સિક્કીમ રાજ્ય સરકારની સિમ્ફેડ કંપની દ્વારા ડીસા તાલુકાના ગામડાઓમાં ચાલી રહેલા જૈવિક ખેતી પરિયોજના અભિયાન અંતર્ગત ખેડૂતોને જૈવિક ખેતી ઉપર મજબુત પક્કડ રાખવા વિસ્તૃત માહિતી અને પ્રત્યક્ષ નિદર્શન આપવામાં આવ્યું હતું.

રાસાયણિક ખાતરોના બેફામ વપરાશથી ખેતરો રસકસહીન બનવા સાથે ખેતરોમાં પાકતા ઉત્પાદનો પણ ગ્રાહકો માટે ઝેર પુરવાર થવા લાગ્યા છે જેના કારણે રાસાયણિક ખાતરો વગરની સજીવ ખેતીને સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે જે અનુસંધાને સિક્કમની સિમ્ફેડ કંપની દ્વારા ડીસા તાલુકાના ગામોમાં જૈવિક ખેતી પરિયોજના હેઠળ ખેડૂતો જૈવિક ખેતી અપનાવે તે માટે તે માટે અભિયાન હાથ ધરાયું છે. જેને ખેડૂતો તરફથી પ્રચંડ પ્રતિસાદ સાંપડી રહ્યાં છે. અને ખેડૂતો જૈવિક ખેતી અપનાવવા લાગ્યા છે. જે અનુસંધાને સિમ્ફેડ કંપનીના અધિકારી (જિલ્લા ઈન્ચાર્જ) વાગડીયા સેંધાભાઈ અને રાણા દિપકભાઈએ ખેડૂતો જૈવિક ખેતી ઉપર મજબુત પક્કડ ધરાવે તે હેતુથી વિસ્તૃત માગદર્શન આપતા જણાવ્યું હતું

અનુસંધાન પાના નં.૬

#### ખેડૂતો પ્રભાવિત

સિમ્ફેડ સંસ્થા દ્વારા ઘર અને ખેતીમાં બિન વપરાશની વસ્તુઓનો સજીવ ખેતીમાં ઉપયોગ કરી વગર ખર્ચે ખેતી પાકોના વધુ ઉત્પાદન સાથે પશુઓના ઝારણ અને છાલથી સુકારો અને કોકડવાયો જેવા રોગો સામે રક્ષણ મેળવી શકાય તેના ઘરગથ્થુ નુસ્ખા પ્રત્યક્ષ શિખવવામાં આવ્યાં. આ નુસ્ખાથી વાવેલ બટાટાના છોડ નીચે ઉત્તમ ગુણવત્તાનાં બટાટા નિહાળી ખુદ ખેડૂતો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

## લાખણી કોર્ટ ખાતે કાનુની શિબિર યોજાઈ



પ્રતિનિધિ લાખણી

ગત.તા.૩૦/૧/૨૦૧૮ ના રોજ પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, લાખણીને એક વર્ષ પુર્ણ કરેલ હોઈ તે નિમિત્તે કાનુની શિબિર યોજાઈ હતી. જેમાં કોર્ટના પ્રિન્સીપાલ સીવીલ જજ એ.જે.વાસુ, તથા મામલતદાર ડી.સી.પરમાર, તથા સરકારી વકીલ બી.ડી.દેસાઈ તથા લાખણી બાર એશોશીએશનના પ્રમુખ જે.એ.પ્રજાપતિ તથા તમામ વકીલ મિત્રો તથા અસીલો તથા પોલીસ સટાફ હાજર રહ્યો હતો. લાખણીના જજ એ.જે.વાસુ એ દીપ પ્રાગટાવી કાર્યક્રમની શરૂઆત કરેલ. પક્ષકારોને કાનૂની સહાય અને પોલીસ નાગરીક વ્યવહાર વિશેની સમજ આપતા સેમીનાર અંગેનુ આયોજન કરેલ હતું. જેમાં મોટી સંખ્યામા પક્ષકારો હાજર રહેલા. પ્રિન્સીપાલ સીવીલકોર્ટ, લાખણી મુકામે એક વર્ષની કામગીરી દરમ્યાન અંદાજે ૬૦૦ જેટલા કેસો ફેસલ લોકોને ન્યાય આપવામાં સફળ રહેલ હતા.

## ચોસઠ જોગણી માતાજીની મેળો ભરાયો


ચેતન શ્રીમાળી

પ્રતિ. આસેડા

ડીસા તાલુકાના ખરડોસણ ગામ વચ્ચે પૌરાણિક ચોસઠ જોગણી માતાનું મંદીર આવેલુ છે જ્યાં મહાસુદ પૂનમના દિવસે મેળો ભરાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી માતાજીના દર્શનનો લ્હાવો લીધો હતો. ખરડોસણ ગ્રામજનોએ જણાવ્યું હતુ કે ગામના લોકો એક થઈ દૂધ ભેગું કરીને માતાજીનો પ્રસાદ કરવામાં આવે છે. તેની ખીર દર્શનર્થાઓને પ્રસાદ રૂપે આપવામાં આવે છે હજારો ભાવિકોએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

## બાણ માતાના મંદિરમાં બાળકોને બટુક ભોજન



તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે જુના બસ્ટેન્ડ વિસ્તારમાં આવેલ બાણમાતાના મંદીરે સંતશ્રી જગજીવદાસ બાપુએ સન્માન સહ બાળકોને બટુક ભોજનનો કાર્યક્રમ રાખેલ.

સવારે પટાંગણમાં સૌ યોજાયેલા સમારંભમાં પધારેલા પદાધિકારીઓ, નાયબ કલેક્ટર એ.ડી.ચૌહાણ, મામલતદાર પી.એસ.પંચાલ, ગેનીબેન ઠાકોર(ધારાસભ્ય વાવ), દીઓદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસીંહભાઈ દેસાઈ આદીનું શાલ અને ફુલહારથી સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ તાલુકા મથક દીઓદરમાં આવેલ તમામ શાળાના બાળકોને સુંદર બટુક ભોજન આપવામાં આવેલ. કાર્યક્રમ બાદ ભોજન સમારંભ યોજાયેલ મોટી સંખ્યામાં ભક્તવર્ગ, કર્મચારીગણ ઉપસ્થિત રહેલ.

## વડગામના શ્રી અંબાજી માતાજી મંદિરનો ૨૩મો પાટોત્સવ ઉજવાયો

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ વરવાડીયા રોડ તરફ આવેલ લક્ષ્મણપુરા સ્થિત શ્રી અંબાજી માતાજી મંદિર ૨૨ સંકુલનો ૨૩ મા પાટોત્સવ ગત સોમવારે ભક્તિમય વાતાવરણમાં ઉજવાયો હતો. શ્રી અંબાજી માતાજી મંદિર દેવનસ્થાન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી લક્ષ્મણભાઈ એચ. સીરવી (એલ.એચ.) કાંનજીભાઈ એલ. પટેલ (ટ્રસ્ટી), અમૃતપુરી જી.ગોસ્વામી (ટ્રસ્ટી), ચેલજીભાઈ આર. ઉપલાણા (ટ્રસ્ટી), મનુભાઈ એમ. પ્રજાપતિ(ટ્રસ્ટી), દલુજી બી. રાજપુત (ટ્રસ્ટી), રમેશભાઈ ડી.પ્રજાપતિ (ટ્રસ્ટી) દ્વારા ગત તા. ૨૯/૧/૨૦૧૮ સોમવારે શોભાયાત્રા - યજ્ઞ-પૂજનવિધિ- મહાઆરતી- રાસગરબાનું વિશિષ્ટ આયોજન કર્યું હતું. જેમાં લક્ષ્મણપુરાના તમામ નગરજનો, વડગામ ગામના અગ્રણીઓ રાજકીય, સહકારી અગ્રણીઓ ખુબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. લક્ષ્મણપુરા યુવા ટીમે કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. ૨૩ માં પાટોત્સવનું સફળ સંચાલન મેનેજીંગ ટ્રસ્ટી એલ.એચ. સીરવી અને તમામ ટ્રસ્ટીઓએ કર્યું હતું.

## પાવડાસણ પ્રા.શાળામાં ગાંધી નિર્વાણ દિન મનાવાયો


એન.કે.મોદી

તા પ્રતિ. ધાનેરા

થરાદ તાલુકાના પાવડાસણ પ્રા.શાળામાં ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ૩૦ જેટલા બાળકો દ્વારા ગાંધીજીના વેશ પહેરી પ્રદર્શન કર્યું હતું અને ૧૨ વિદ્યાર્થીઓએ ગાંધીજી વિશે પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ ગામમાં સફાઈ અભિયાન હાથ ધરાયુ હતુ. તેમજ ગાંધીજીને પુષ્પાજંલી અર્પણ કરી હતી.

## ડીસા રાજપુર ખાતે મોઢ મોદી સમાજનો પાંચમો શૈક્ષણિક સ્નેહમિલન



ડીસા

શ્રી ધાન્ધાર મોઢ-મોદી જ્ઞાતિ સમાજ- ડીસા રાજપુર પરિવાર દ્વારા પાંચમા શૈક્ષણિક સ્નેહ મિલનનું આયોજન આજરોજ શ્રી જલારામ મંદિર વાડી ડીસા ખાતે કરાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં આવેલા મહેમાનોનું શરણાઈના સુરો વચ્ચે કંકુ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું. તેમજ સમાજના પ્રમુખ કિર્તિભાઈ મોદી તરફથી સ્વાગત પ્રવચનથી આવકાર્યા. બાદમાં કાર્યક્રમની શરૂઆત નાની બાળાઓ દ્વારા સ્વાગતગીત- તથા પ્રાર્થના આવકાર આપવામાં આવ્યો હતો. સમારંભના અધ્યક્ષ અને શૈક્ષણિક ભોજન સમારંભના દાતા રેવાબેન નટવરલાલ ભીખાલાલ મોદી (ભીલડીવાળા પરિવાર) તેમજ મુકેશભાઈ મોદી (પ્રમુખશ્રી ધાન્ધાર મોઢ મોદી જ્ઞાતિ સમાજ પાલનપુર)- મનુભાઈ મોદી (ચેરમેન - ધાન્ધાર મોઢ મોદી) બચત અને ધિરાણ મંડળી - પાલનપુર, તથા મફતભાઈ મોદી(સલાહકાર),

અનુસંધાન પાના નં.૬


## જાહેર હરાજી

ધી દીઓદર તાલુકા નાગરીક શરાફી સહ. મંડળી લિ., દિઓદરનું બાઈક જાહેર હરાજીથી વેચવાનું છે. હીરો હોન્ડા કંપનીનું સી.ડી.ડીલક્ષ મોડલ નં.૨૦૦૯ જેનો નંબર જીજે.૮.કયુ.૨૭૦૫ છે. જે લોકોને હરાજીમાં ભાગ લેવો હોય તે લોકોએ તા.૩/૨/૨૦૧૮ ના શનિવાર બપોરે ૧૨ કલાકે દીઓદર ઓફીસમાં રૂા.૧૦૦૦ (એક હજાર રૂપિયા પૂરા) ભરી હરાજીમાં ભાગ લઈ શકશે. હરાજીમાં જે વ્યકિતને હોન્ડા લેવાનું હોય તેને ૫૦% ટકા રકમ તરત જ ભરવાની રહેશે. આખરી નિર્ણય મેનેજરશ્રીનો રહેશે.

વ્ય.કમિટીના આદેશથી
મેનેજર
ધી દીઓદર તાલુકા નાગરીક શરાફી સહ. મંડળી લિ.



## થરા નગરપાલિકા - થરા, જિ.: બનાસકાંઠા
### ::: ઓનલાઈન જાહેર નિવિદા :::

આથી થરા નગરપાલિકા, થરા, જિ:બનાસકાંઠાને મંજુર થયેલ સને ૨૦૧૭-૧૮ વર્ષની ૧૫% વિવેકાધીન યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓન લાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

**કામ નં.૧ : સને ૨૦૧૭-૧૮ વર્ષની ૧૫% વિવેકાધીન યોજના અંતર્ગત ઠાકોર બોડીંગ પાસે ૩.૫૦ લાખ લી.કેપેસીટીનો સંપનું કામ.**

| | |
|---|---|
| અંદાજીત રકમ : રૂા.૧૦.૨૦ લાખ | કામની સમય મર્યાદા : ૨ - માસ |
| ઈ.એમ.ડી. : રૂા.૧૦,૨૦૦-૦૦ | ટેન્ડર ફી : રૂા.૯૦૦-૦૦ |

**કામનં.૨ઃ સને ૨૦૧૭-૧૮ વર્ષની ૧૫% વિવેકાધીન યોજના અંતર્ગત પાંચ લાખ લીટર કેપેસીટી સંપથી ઈન્દીરાનગર સંપ સુધી પી.વી.સી. પાઈપ લાઈનની કામગીરી.**

| | |
|---|---|
| અંદાજીત રકમ : રૂા.૪.૬૯ લાખ | કામની સમય મર્યાદા : ૧ - માસ |
| ઈ.એમ.ડી. : રૂા.૪,૬૯૦-૦૦ | ટેન્ડર ફી : રૂા. ૬૦૦-૦૦ |
| વેબસાઈટનું નામ : | www.nprocure.com www.statetender.com |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય : | ૦૯/૦૨/૨૦૧૮ના રોજ ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા જરૂરી ડોક્યુમેન્ટ પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું | ૧૪/૦૨/૨૦૧૮ ના રોજ ૧૫:૦૦ કલાક સુધીમાં, ચીફ ઓફીસર, થરા નગરપાલિકા, મું. થરા, જિ.બનાસકાંઠા |
| ફિઝીકલ ડોક્યુમેન્ટ ખોલવાની તારીખ | ૧૫/૦૨/૨૦૧૮, ૧૨:૦૦ કલાકે |
| પ્રાઈસ બિડ ખોલવાની તારીખ | ૧૫/૦૨/૨૦૧૮, ૧૨:૩૦ કલાકે |

**કામ અંગે વધારે માહિતી માટે ઉપરોક્ત વેબસાઈટ જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.**

(કલ્પેશભાઈ ભટ્ટ) ચીફ ઓફિસર થરા નગરપાલિકા
(ધીરજકુમાર કે. શાહ) ઉપપ્રમુખ થરા નગરપાલિકા
(વિનોદજી આર. ઠાકોર) પ્રમુખ થરા નગરપાલિકા

ક્રમાંક/નામાનિ/પાલન/૫૩૩/૨૦૧૭-૨૦૧૮



## અનુસૂચિ
### ધી દિયોદર તાલુકા ખરીદ - વેચાણ સંઘ લી. દિયોદરના વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી સને - ૨૦૧૮ ચૂંટણીનો તબક્કાવાર કાર્યક્રમ

| મતદાર મંડળનું નામ | ઉમેદવારી પત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ સમય અને સ્થળ | ઉમેદવારી પત્રો તૈયાર કરવા માટેની છેલ્લી તારીખ સમય અને સ્થળ | મળેલા ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | ઉમેદવારી પત્રોની ચકાસણી માટેના તારીખ સમય અને સ્થળ | માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાના તારીખ સમય અને સ્થળ | હરીફ ઉમેદવારી આખરી યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | મતદાન જરૂરી હોય તો તેની તારીખ | જે સમય દરમ્યાન મતદાન થશે તે સમય અને સ્થળ | મત ગણતરી માટેની તારીખ અને સમય | મત ગણતરી માટેનું સ્થળ | મતદાનનું પરિણામ જાહેર કરવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| મતદાર વિભાગ-૧ મતદાર વિભાગ-૨ મતદાર વિભાગ-૩ | તા.૧/૨/૨૦૧૮ થી તા.૬/૨/૨૦૧૮ સવારે ૧૧.૦૦ થી બપોર ૧૫-૦૦ કલાક સુધી ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર દિયોદર | તા.૬/૨/૨૦૧૮ બપોરે ૧૫-૦૦ કલાક સુધી, ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર, દિયોદર | તા.૬/૨/૨૦૧૮ સમય : ૧૫.૦૦ કલાક | તા.૭/૨/૨૦૧૮ સમય સવારના ૧૧.૦૦ કલાકથી ચકાસણી પૂર્ણ થાય ત્યાં સુધી, ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર દિયોદર | તા.૭/૨/૨૦૧૮ | તા.૭/૨/૨૦૧૮ થી તા.૮/૨/૨૦૧૮ ૧૫.૦૦ કલાક સુધી, ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર કચેરી દિયોદર | તા.૮/૨/૨૦૧૮ | તા.૧૮/૨/૨૦૧૮ | સવારના ૯.૦૦ કલાકથી ૧૭.૦૦ કલાક મામલતદાર કચેરી, દિયોદર | તા.૧૯/૨/૨૦૧૮ સવારના ૧૦.૦૦ કલાક થી પુરૂ થાય ત્યાં સુધી | મામલતદાર કચેરી, દિયોદર | તા.૧૯/૨/૨૦૧૮ |

મતદાર વિભાગ - ૧ - સંયોજિત થયેલ ખેતી વિષયક સહકારી મંડળીઓ
મતદાર વિભાગ - ૨ - સંયોજિત થયેલ ઈતર સહકારી મંડળીઓ
મતદાર વિભાગ - ૩ - સંયોજિત થયેલ વ્યકિત સભ્ય મતદાર વિભાગ

ક્રમાંક : નામાનિ/પાલન/૫૩૫/૨૦૧૭-૨૦૧૮

(એ.ડી.ચૌહાણ)
ચૂંટણી અધિકારી
ધી દિયોદર તાલુકા સહ. ખ.વે.સંઘ લી. અને
નાયબ કલેક્ટર, દિયોદર

# તંત્રી સ્થાનેથી ...

**આપણે ભોગ નથી ભોગવતા પરંતુ ખરેખર તો ભોગો આપણો ભોગ લઈ લે છે.**

## સેનાપ્રમુખનું દૃઢ મંતવ્ય

દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લામાં સેનાની ગોળીથી બે પથ્થરબાજોનાં મોત બાદ મુખ્યમંત્રી મેહબૂબા મુફતીએ રક્ષામંત્રીને ફોન કરીને જેવી નારાજગી વ્યક્ત કરી અને જમ્મુ-કાશ્મીર પોલીસતરફથી સેનાના જવાનો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાનું જે કામ કર્યું, તેને જોતાં સેના પ્રમુખ જનરલ બિપીન રાવતે એ બિલકુલ યોગ્ય કહ્યું કે હાલમાં સશસ્ત્ર દળ વિશેષાધિકાર અધિનિયમ એટલે કે અફસ્પા પર પુનર્વિચારની ક્યાંય કોઈ જરૂર નથી. બહેતર એ રહેશે કે સેના પ્રમુખની આ વાતને સુરક્ષા તંત્રના દરેક સ્તરે દોહરાવવામાં આવે જેથી જમ્મુ-કાશ્મીર સરકાર અને સાથે જ ત્યાંના લોકોને એના પર ક્યાંય કોઈ શંકા ન રહે કે સેના અથવા સુરક્ષા દળો આતંકીઓના સમર્થક અરાજક તત્ત્વો વિરુદ્ધ કોઈપણ સ્તરે ઢીલ રાખવાનું કામ કરશે. કહી શકાય કે શોપિયાંની ઘટના દુર્ભાગ્યપૂર્ણ છે, પરંતુ એ ક્યારેય સ્વીકાર્ય ન હોઈ શકે કે આ કે તે બહાને અરાજક તત્ત્વોસેનાને નુક્સાન પહોંચાડવાની કોશિશ કરે.

કાશ્મીર ઘાટીમાં પથ્થરબાજોનો સમૂહ ન માત્ર સેનાના કામમાં ખલેલ પાડે છે, બલ્કે તેને નુક્સાન પહોંચાડવાની પણ કોશિશ કરે છે. એનાથી ખરાબ વાત બીજી કોઈ ન હોઈ શકે કે જ્યારે પથ્થરબાજોને ચેતવવાના હોય અને તેમના વિરુદ્ધ સખ્તાઈ રાખવાની હોય ત્યારે રાજ્ય સરકારના પ્રતિનિધિઓ અને ઘાટીના અન્ય નેતાઓ તરફથી એ કોશિશ કરવામાં આવે છે કે પથ્થરબાજી તો વિરોધની સામાન્ય રીત છે.બહેતર રહેશે કે ભારત સરકારના સ્તરેથી એ નવેસરથી સ્પષ્ટ કરવામાં આવે કે અસહમતિ, અસંતોષ અથવા આક્રોશના નામે પથ્થરબાજીની અવગણના ન કરી શકાય. પથ્થરબાજી બીજું કશું નહીં, એક પ્રકારની કબીલાઈ માનસિકતાથી ઉપજેલ બર્બર કૃત્ય છે. જેમને પણ એવું લાગે છેકે પથ્થરબાજી તો એક રીતે વિરોધની અભિવ્યક્તિ છે, તેમણે એક વખત પથ્થરબાજીનો સામનો કરી જોવો જોઈએ. આ સંભવપણે પાકિસ્તાનતરફી તત્ત્વો પ્રત્યે નરમાઈનું જ દુષ્પરિણામ છે કે કાશ્મીરમાં પથ્થરબાજ વારે-તહેવારે માથું ઊંચકે છે. બહુ દિવસો નથી થયા જ્યારે સેંકડોની સંખ્યામાં એ પથ્થરબાજો વિરુદ્ધ કેસો પાછા ખેંચવામાં આવ્યા હતા, જેઓ કથિત રીતે પહેલી વાર પથ્થરબાજીમાં સામેલ જોવા મળ્યા હતા.

આખરે તેનો શો મતલબ કે આ ઉદારતાને બદલે પથ્થરબાજ નવેસરથી હિંસાનું પ્રદર્શન કરે? મુખ્યમંત્રી મેહબૂબા મુફતીએ એ સમજવામાં વધુ વાર ન કરવી જોઈએ કે સેના અને સુરક્ષા દળોના સંયમની એક સીમા છે અને વાતે વાતે અલગતાવાદીઓ અને તેમની ઉશ્કેરણી પર સડક પર ઉતરી આવતા પથ્થરબાજોની હિમાયત કરવાથી તેમને અને તેમની સરકારને કશું જ હાંસલ થવાનું નથી. જો રાજ્ય સરકાર એમ ઈચ્છતી હોય કે સેના વધુ સંવેદનશીલ બને તો તેણે ધ્યાન આપવું પડશે કે સેનાના પણ કેટલાક અધિકાર છે. જ્યારે તે પહેલેથી માનવાધિકારો પ્રત્યે સજાગ થઈ છે, ત્યારે તેની પાસેથી વધારે નરમીની અપેક્ષા અર્થહીન છે. બહેતર રહેશે કે મેહબૂબા મુફતી સેનાનાવલણ સાથે અસંમત થવાને બદલે એ જુએ કે હાલના સમયમાં કઈ રીતે સેનાએ માનવાધિકારોની રક્ષાને લઈને પોતાની સજાગતા વધારી છે અને તે માનવાધિકારોના નામે ખુદને પથ્થરબાજોના હવાલે કરવાનું કામ ન કરી શકે.

## આઈડિયા એ કાર્બનના સ્માર્ટફોન્સ અને ફીચર ફોન્સ પર આકર્ષક કેશબેક ઓફર આપી

આઈડિયા સેલ્યુલરે કાર્બનના વિભિન્ન સ્માર્ટફોન્સ અને ફીચર ફોન્સ પર મોટી કેશબેક ઓફર રજૂ કરી છે. આઈડિયા સૌથી મોટી ટેલીકોમ કંપનીઓમાંથી એક છે જે દેશમાં મોબાઈલ ઈન્ટરનેટને પ્રોત્સાહન આપવા માટે અગ્રેસર છે. સ્માર્ટફોન પર કેશબેક ઓફર : A41 પૉવર અને A9 ઈન્ડિયન (મૂલ્ય ક્રમાંકે રૂ. ૨૯૯૯ અને રૂ. ૩૬૯૯) પર રૂ. ૧૫૦૦ કેશબેકની સાથે આઈડિયાના ગ્રાહકો માટે ૪૪ સ્માર્ટફોન્સનું મૂલ્ય લગભગ અડધું થઈ જશે. રૂ. ૫૦૦ કેશબેક ૧૮ મહિના બાદ ગ્રાહકના આઈડિયા મની વૉલેટમાં આવી જશે, જ્યારે બાકી રૂ. ૧૦૦૦ આગામી ૧૮ મહિના બાદ મળશે.આઈડિયા યુવા ૨ (મૂલ્ય રૂ. ૪૯૯૯) પર પણ રૂ. ૨૦૦૦ કેશબેક આપી રહ્યું છે, જેનાથી આ ૪૪ સ્માર્ટફોનનું મૂલ્ય માત્ર રૂ. ૨૯૯૯ રહી જશે. ગ્રાહકોને રૂ. ૫૦૦ કેશબેક ૧૮ મહીના બાદ તથા બાકી રૂ. ૧૫૦૦ આગામી ૧૮ મહીના બાદ મળશે. A41 પૉવર, A9 ઈન્ડિયન અને યુવા ૨ પર કેશબેક મેળવવા માટે ગ્રાહકોને પહેલા ૧૮ મહિનામાં રૂ. ૩૦૦૦ મૂલ્યના બરાબર રિચાર્જ કરાવાનું રહેશે અને આગામી ૧૮ મહીનામાં પણ આ રાશિનું રિચાર્જ કરવાનું હશે. આઈડિયાના ગ્રાહક રૂ. ૧૬૯નું રિચાર્જ કરાવી શકે છે, જેમાં તેમને અસીમિત લોકલ અને એસટીડી કૉલ, મફત રોમિંગ, પ્રતિદિન ડેટા અને ૧૦૦ એસએમએસ મળશે. આ રિચાર્જની વૈધતા ૨૮ દિવસોની હશે. કેશબેક ઓફર્સ ૧ ફેબ્રુઆરી ૨૦૧૮થી ઉપલબ્ધ હશે.

**આત્મચિંતન**

## પોતાને ઓળખીએ અને વિકસિત કરીએ

પ્રગતિના પથ પર ચાલવા માટે કેટલાય પ્રકારના સાધનોની જરૂર પડે છે... તેમાંથી સૌથી મોટું સાધન છે- પોતાનું મનોબળ. પોતાને સમજવા અને સુધારવાથી વધીને બીજુ કોઈ બુદ્ધિમત્તા આ સંસારમાં નથી. પોતાની વિખરાયેલી શક્તિઓને એકત્રિત કરીને તેનો અભ્યાસ કરી લેવામાં આવે અને તેને કયા કામમાં કેવી રીતે લગાવવું તે નક્કી કરી લેવામાં આવે તો સમજવું જોઈએ કે સફળતાનું મોટાભાગનું પ્રયોજન પુરૂ કરવાનો આધાર બની ગયો.

બીજા લોકો આપણને એક સીમા સુધી જ સહારો આપી શકે છે. દરેક વ્યક્તિની પોતાની સમસ્યા છે. તેને ઉકેલવી જ મૂશ્કેલ છે તો પછી બીજાઓની સહાયતા કરવામાં બીજું કોઈ કેટલો રસ લઈ શકે છે કે સહયોગ આપી શકે છે, આ એક વિચારવા લાયક વાત છે. જ્યારે આપણે જ બીજાઓથી આશા રાખીએ છીએ અને આપણી ગુંચ આપણે પોતે ઉકેલી શકતા નથી તો બીજાઓથી એ આશા કેવી રીતે રાખી શકાય કે બીજા લોકો પાસે એટલો ફાલતુ સમય કે સાધન હશે કે તેઓ આપણા માટે વધારે કરી શકાશે.

આપણે જે બીજાઓની સહાયતાની આશા કરીએ છીએ. તેમના વર્ચસ્વનો સ્વીકાર કરીએ છીએ. આપણે સ્વીકાર કરવો જોઈએ કે જો પોતાની શક્તિ વિકસિત અને વ્યવસ્થિત કરવામાં આવે તો તેની ગરિમા તે બધા સહાયકોથી મળેલી સહાયતાથી અનેક ગણી ઉચ્ચ છે. - **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## દાંડીકુટિર સંગ્રહાલય ખાતે ગાંધી નિર્વાણદિનની હૃદયસ્પર્શી ઊજવણી



તા.૩૦/૧/૨૦૧૮ ના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિતે દાંડી કુટિર, સંગ્રહાલય અને યુવક સેવા સાંસ્કુતિક વિભાગ દ્વારા અનેકવિધ સાંસ્કુતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં, રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ (ચિલોડા) તેમજ જે.બી.પ્રાથમીક શાળા (કડી સંકુલ, ગાંધીનગર)ના વિધાર્થીઓ દ્વારા સ્વચ્છતા , શિક્ષણ તેમજ વ્યસનમુક્તિ જેવા ગાંધીજીને પ્રિય વિષયો ઉપર સુંદર નાટકોની ભજવણી કરવામાં આવી હતી. તદુપરાંત શ્રી સ્વામિનારાયણ પોલિટેકનીક કોલેજ (સેક્ટર-૨૨, ગાંધીનગર)ના વિદ્યાર્થીઓ દ્વારા રેલીનુ આયોજન કરવામાં આવ્યું હતું અને કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા અત્રે રાખવામાં આવેલ ગાંધીજીની પ્રતિમાને સુતરની આટી પહેરાવી શ્રૃધ્ધાસુમન અર્પિત કરવામા આવ્યા હતાં. આમ મહાત્મા ગાંધીજીના મૂલ્યોને ધ્યાનમાં રાખીને અત્યંત માર્મિક રીતે ગાંધીજયંતિની ઊજવણી દાંડીકુટિર ખાતે કરવામાં આવી હતી.

## આત્મા અને મનનું રીચાર્જ એટલે રાગસ્થાન



દરરોજની ભાગદોડથી આપણે એટલા પરેશાન થઈએ છીએ કે ક્યાંકના ક્યાંક શોધીએ છીએ આનંદ અને મન ની શાંતિ. હવે તેને વધારે શોધવાની જરૂર નથી કેમકે ત્રણ દિવસનો રાગસ્થાન મહોત્સવ તમારી રાહ જોઈ રહ્યો છે અહીં છે સંગીત, સિનેમા, સાહસ, કલા, સંસ્કૃતિ એક સાથે. ઉપર થશે સિતારોથી ભરેલા નભો મંડળ.આ મહોત્સવ માટે પહેલ કરી છે કેથ મેનન, સુપ્રિયા સોબતી, અંશુમન જેસ્વાલ અને સન્મિત સિંગે. કલા, સંગીત, સંસ્કૃતિ, પ્રકૃતિની સાથે સંબંધ જોડવો તે પણ એક અલગ પ્રયાસ છે. બિરખા(સ્થાનીય ભાષામાં બરસાત) તેમાં પ્રયોગશીલ નવા કલાકારોના નવા ગીત-સંગીતના મધ્યાન્હ અને સાંધ્ય માહોલમાં પોતાની કલાની પ્રસ્તુતિ કરવાની અને રસિકોને તેનો આ સ્વાદની તક મળશે. અમ્મરા(સ્થાનીય અર્થ છે ચમકતે સિતારે) રાતે સમયમાં નૃત્ય સંગીતમાં શારિક હોવાનો આ અલગ અંદાજ છે. જેમાં ૪૦ કલા વિષ્કારને અંતર્ભૂત કરવામાં આવ્યાં છે.રાગસ્થાન મહોત્સવનો અભિન્ન અંગ છે- કેમ્પ લાઈફ- જ્યાં બોનફાયર્સ, ઓપન એર મુવી સ્ક્રીનિંગ, હોટ એર બલૂન રાઈડ્સ, ૪૦ ફુટ સી-સો, ચમકતા સિતારાના વિહંગમ દર્શનપ. જેવા મનમોહક પ્રકારોનો અંતર્ભાવ છે આ ફેસ્ટિવલમાં ભાગ લેવાવાળા બધાને મફત પાણી અને ચાનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે. ફેસ્ટિવલમાં કઈ પણ પ્રકારનો કચરો ના થાય અને પર્યાવરણનું સંતુલન ના બગડે, તેની વિશેષ જાણકારી લેવામાં આવશે. એટલા માટે ઝીરો પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાની નીતિ અપનાવામાં આવી છે અને વિજળી અને પાણીનો ઉપયોગ સમજી વિચારીને કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે. આ ફેસ્ટિવલ માટે અસ્થાયી નગરનું નિર્માણ કરવામાં આવ્યું છે. રણપ્રદેશના મધ્યમાં વિજળી અને પાણી ઉપલબ્ધ કરવામાં આવ્યાં છે. ૪૨ કિમી કેબલ ૮૭૦૦૦ લીટર પાણી, ૫૦૦૦ લીટર મુફ્ત ચાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. સાથે સાથે સુરક્ષા હેતુ સ્વયંસેવકોની ફૌજ તૈનાત કરવામાં આવી છે. રણપ્રદેશનો આ અનુભવ નિશ્ચિત રૂપથી અવિસ્મરણીય રહેશે. અહીંનો પ્રાકૃતિક નજારો આપણને ઉત્સાહ અને આનંદથી પરિલુપ્ત કરી દેશે. એટલે આ ફેસ્ટિવલમાં સામેલ થવું સૌભાગ્યની વાત છે. મહોત્સવ : રાગસ્થાન મ્યુઝિક ફેસ્ટિવલસ્થાન : રેગીસ્તાન, જૈસલમેરતારીખ : ૨૩થી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૮ આરક્ષણ માટે : insider.in

## આઈડીપી એજ્યુકેશને અમદાવાદમાં ઓસ્ટ્રેલિયન શિક્ષણ મેળાનું આયોજન કર્યું



વિદ્યાર્થીઓ માટે અગ્રણી પ્લેસમેન્ટ સેવા પ્રદાતા આઈડીપી એજ્યુકેશન ઇન્ડિયાએ ઓસ્ટ્રેલિયામાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવતાં વિદ્યાર્થીઓ માટે ૩૦ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ અમદાવાદની હોટલ પ્રાઈડમાં ઓસ્ટ્રેલિયન શિક્ષણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિક્ષણ મેળામાં ૩૫૦થી વધારે વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. "આઈડીપી દુનિયાનું અગ્રણી વિદ્યાર્થી પ્લેસમેન્ટ સંગઠન છે જે ભારતના વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટની પધ્ધતિમાં જબરદસ્ત બદલાવ લાવ્યું છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાની ૩૯માંથી ૮ યુનિવર્સિટીઓ વિશ્વની ટોપ ૧૫૦ અને ૨૫ યુનિવર્સિટીઓ વિશ્વની ટોપની ૫૦૦ યુનિવર્સિટીમાં સ્થાન ધરાવે છે" સંસ્થાઓને મળવા ઉપરાંત, લાયક વિદ્યાર્થીઓ પણ એપ્લિકેશન ફીમાં છૂટ અને શિષ્યવૃતિનો લાભ પણ મેળવી શકશે. શિષ્યવૃતિ ફી બાયર્સરીથી પસંદ કરેલ વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ફીના ૫૦% શિષ્યવૃતિ સુધીનો હોય છે.અમદાવાદમાં આયોજિત ઓસ્ટ્રેલિયન શિક્ષણ મેળાના વિદ્યાર્થીઓ નીચે આપેલી ૨૬ ઓસ્ટ્રેલિયન સંસ્થાઓ સાથે એક પરસ્પર સંપર્ક કરવાની તક મળી હતી.

## ઝાયોક્સ મોબાઈલ્સે રૂ. ૫૮૯૯ની કિંમતે નવીનતમ સ્માર્ટફોન એસ્ટ્રા સ્ટારના ઉમેરા સાથે પોતાનો પ્રોડક્ટ પોર્ટફોલિયો વિસ્તાર્યો




દેશમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતી મોબાઈલ હેન્ડસેટ બ્રાન્ડ્સમાંથી એક સન એરવોઈસ પ્રા. લિ.ના ઉપક્રમે ઝાયોક્સ મોબાઈલ્સે મોટું સ્ક્રીન, ઊજળું ડિસ્પ્લે અને સુપર કનેક્ટિવિટી સહિત બધું જ એકમાં એસ્ટ્રા સ્ટાર સાથે તમારી સ્ટાઈલ ખૂબીની ખૂબીઓમાં તાત્કાલિક ઉમેરો કરતા સ્માર્ટફોન રજૂ કર્યો છે.૫ ઈંચનું મોટું FWVGA બ્રાઈટ ડિસ્પ્લે અને ૨.૫D કર્વ્ડ ગ્લાસ સાથે તમારી સ્ક્રીનના દરેકેદરેક ઈંચને વાસ્તવિકતામાં ફેરવે છે. મુવી જુઓ, ગેમ્સ પ્લે કરો અથવા ફોનની ઈમેજ ગેલેરીમાં તમારી સ્મૃતિઓ વાગોળો, આ દરેક પળોને અદભુત ૧GB RAM અને ઝડી ડીલિંગ ૧.3GHz ક્વેડ કોર પ્રોસેસર સાથે બેરોકટોક માણી શકાય છે. અપ-ટુ-ધ- મિનિટ અત્યાધુનિક એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમ, ૭.૦ નૌગાત, તમારો બધો ડેટા ગ્રાહક કરવા માટે 32GB સુધી વિસ્તારી શકાતી 16GB ROMની વિશાળ સંગ્રહ જગ્યા સાથે સમૃદ્ધ અનુભવ આપે છે.

## અમેઝોન. ઈને ૨૦૧૮ નું બ્લોકબસ્ટર ગ્રેટ ઈન્ડિયા સેલ નોંધાવ્યું

અમેઝોન.ઈન ક્યાંય પણ અન્યત્ર કરતાં ગ્રાહકો દ્વારા શોપિંગ કરાઈ તેવું ભારતમાં સૌથી વધુ શોપિંગ કરાયેલું અને વિશ્વસનીય માર્કેટ પ્લેસ તરીકે તાલુ જ છે. અમે દિવાલી સેલ્સની બહાર એક ઈવેન્ટમાં નવા ગ્રાહકોની સૌથી વધુ સંખ્યા પ્રાપ્ત કરી. જેમાં ૮૫ ટકા નવા ગ્રાહકોટિયર ૨-૩ શહેરોમાંથી આકર્ષાયા. પ્રાઈમ બેસ્ટ સેલર તરીકે ચાલુ જ છે અને અમેઝોન પે મજબૂત રીતે અપનાવાયું છે, જે અમેઝોન.ઈન પર ગ્રાહકોને ભરોસો સ્પષ્ટ કરે છે. સેમસંગને ગેલેક્સી On7 પ્રાઈમ સેમસેગ મોલ અને વિઝ્યુઅલ સર્ચ ફીચર્સ સાથે પ્રી- લોડેડ આવે છે. ગેલેક્સી A8+ ડ્યુઅલ ફ્રન્ટ કેમેરા સાથે સેમસંગનો પ્રથમ ફોન છે.અમેઝોન ચાર સિદ્ધાંતો પર ચાલે છે. સ્પર્ધા પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ગ્રાહક સંતોષ, શોધ માટે લગની, કામગીરી ઉત્કૃષ્ટતા માટે કટિબદ્ધતા અને લાંબા ગાળાના વિચારનો સમાવેશ થાય છે.

## ધીરજ ધુપર તેના ફેન્સ સાથે હેર-સ્ટાઈલિંગ ટીપ્સ શેર કરવા સોશિયલ મીડિયાનો પર ગયો



ટેલીવિઝનનો સુપરસ્ટાર, ધીરજ ધુપર સ્ટાર ક્રિકેટર તરીકે ના પાત્રમાં અને ઝી ટીવીના પ્રખ્યાત ટીવી શો કુંડલી ભાગ્યમાં સહેલાઈથી ભજવેલા કેસાનોવા કરણ લુથરાના પાત્રમાં લોકોના હૃદય જીતી રહ્યો છે. દર્શકો દ્વારા તેના પાત્રના ખુબ જ વખાણ થઈ રહ્યાં છે ત્યારે, આ સુંદર હિરોને તેના પર્ફેક્ટ્લી સ્ટાયલ હેર માટે ખુબ જ સારા વખાણ અને રીવ્યુ મળી રહ્યાં છે. ધીરજ જે તેના શોમાં સફળતાના શીખરો સર કરી રહ્યો છે તે તેના ચાહકો માટે સારા સમાચાર લાવ્યો છે. ધીરજ તેના ટ્યુટોરીયલ વીડિયોને ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર અપલોડ કરવાનું વિચારી રહ્યો છે, જ્યાં તે તેના ફોલોવર્સને હેર સ્ટાઈલીગં માટે ક્વીર્કી ટીપ્સ આપશે. હા, તમે સાચું સાંભળ્યું! કુંડલી ભાગ્યનો હિરો સારી રીતે તૈયાર કરેલા રોજીંદગીને અનુસરે છે જેથી તેના વાળ સ્ક્રીન પર અને સ્ક્રીન વગર પણ ખુબ જ સારા લાગે. ધીરજ એક કરતાં વધુ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરે છે અને નવા અનુભવો કરવામાં કોઈ દિવસ તે ખચકાટ અનુભવતો નથી. ઘણીવાર પુછવામાં આવેલ કે પર્ફેક્ટ લુક બનાવવા માટે શું કરવું જોઈએ, યુવા કલાકારે તેના હેર સ્ટાઈલીંગ રૂટીનને તેના ફેન્સ સાથે શેર કરવાનું વિચાર્યું અને તે પણ ઈન્સ્ટાગ્રામ પર તેમની સાથે સીધા વાત કરીને.કુંડલી ભાગ્યમાં કરન લુથરા તરીકે ધીરજ ધુપર તરીકે બધાના દીલ જીતતા જીવો સોમવાર થી શુક્રવાર દરરોજ રાત્રે ૯.૩૦ વાગે માત્ર ઝી ટીવી પર!





**ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI) અમદાવાદ દ્વારા એક્ષપ્રેસહાઈવે CTM ટોલ પ્લાઝા પર એક હાઈવે નેસ્ટ (મીની) તેમજ વોટર ATM નું ઉદઘાટન-સાંસદ ડૉ.કિરીટભાઈ સોલંકી (અમદાવાદ,પશ્ચિમ) , ધારાસભ્ય ,એચ.એસ .પટેલ (અમરાઈવાડી), પ્રભારી નાગેશભાઈ દેવપલ્લી,વોટર રીસોર્સીસ કર્ણાવતી ચેરમેન દેસાઈ, રાજમાર્ગના પ્રોજેક્ટ ડાયરેક્ટર એસ પી.સિંહ ત્થા મનેજર (ટેકનીકલ) સંજય યાદવ .**

## &પિક્ચર્સ તમને કુંગ ફુ યોગાની મજેદાર શોધ માટે ૪થી ફેબ્રુઆરી એ ૧૧ વાગે લઈ જશે




લાઈટ્સ, કેમેરા, એક્શન! બધા જ જેકી ચેન અને સુંદર સોનુ સુદના ચાહકો માટે, અહિંયા એક તક છે જેમાં બંન્ને સાથે જોવા મળશે, કેમ કે તેઓ દર્શકોને સાહસિક સફર લઈ જશે. સ્ટેન્લી ટોન્ગ દ્વારા નિર્દશીત અને જેકી ચેન પોતાના દ્વારા પ્રોડ્યુસ, કુંગ ફુ યોગા &પિક્ચર્સ પર, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મુવી ચેનલ પર ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૮ ને રવીવારના રોજ સવારે ૧૧ વાગે પ્રદર્શીત થશે.

કુંગ ફુ યોગા એ માર્સલ આર્ટ અને યોગાનું સુંદર સમન્વય છે જે બે દેશ, ભારત અને ચીનની શ્રેષ્ઠતાને સાથે લાવશે. ફિલ્મમાં પ્રખ્યાત બોલીવુડ ચહેરા દિશા પટણી અને અમ્યરા દસ્તુર મહત્વના પાત્રમાં છે. પરંતું, તેટલું જ નહીં, જેકી ચેન ઈન્ડો-ચાઈનિઝ મ્યુઝીક પર તેના ડાન્સ મુવ ના ઠુમકા પણ દર્શાવે છે.કુંગ ફુ યોગા એ બે આર્કીયોલોજી(પુરાતત્વવિદ્યા)ના પ્રોફેશરની વાર્તા છે જેક(જેકી ચેન) અને અસ્મિતા (દિશા) જેઓ ટીબેટમાં ભારતના ખોવાયેલ મગધા ખજાનાને શોધવા નિકળે છે. તેઓની ખોજ દરમ્યાન, જેક અને અસ્મિતા પર રંડલ્લા(સોનુ સુદ) દ્વારા હુમલો કરવામાં આવે છે, જે બળવાખોરોનો રાજા છે અને તે તેમને કેદ કરે છે. તેમનું સાહસ જેમ ચાલુ થાય છે, તે તેમને તીબેટની બરફીલી ગુફામાંથી ભવ્ય દુબઈમાં લઈ જાય છે, અંતે તેઓને મુંબઈના પહાળી મંદીરમાં હિરા સાથે લાવે છે, જેના દ્વારા તેઓ સાચો ખજાનો ખોલી શકે શું રંડલ્લા તેમને તેનાથી દુર રાખી શકશે કે તેઓ સફળતા પુર્વક ખજાનો શોધી લેશે?

કુંગ ફુ યોગા જોવા માટે જુઓ &પિક્ચર્સ રવિવાર, ૪થી ફેબ્રુઆરી એ ૧૧ વાગે.

## આઈડિયા એ કાર્બનના સ્માર્ટફોન્સ અને ફીચર ફોન્સ પર આકર્ષક કેશબેક ઓફર આપી

આઈડિયા સેલ્યુલરે કાર્બનના વિભિન્ન સ્માર્ટફોન્સ અને ફીચર ફોન્સ પર મોટી કેશબેક ઓફર રજૂ કરી છે. આઈડિયા સૌથી મોટી ટેલીકોમ કંપનીઓમાંથી એક છે જે દેશમાં મોબાઈલ ઈન્ટરનેટને પ્રોત્સાહન આપવા માટે અગ્રેસર છે. સ્માર્ટફોન પર કેશબેક ઓફર : A41 પૉવર અને A9 ઈન્ડિયન (મૂલ્ય ક્રમાંકે રૂ. ૨૯૯૯ અને રૂ. ૩૬૯૯) પર રૂ. ૧૫૦૦ કેશબેકની સાથે આઈડિયાના ગ્રાહકો માટે ૪૪ સ્માર્ટફોન્સનું મૂલ્ય લગભગ અડધું થઈ જશે. રૂ. ૫૦૦ કેશબેક ૧૮ મહિના બાદ ગ્રાહકના આઈડિયા મની વૉલેટમાં આવી જશે, જ્યારે બાકી રૂ. ૧૦૦૦ આગામી ૧૮ મહિના બાદ મળશે.આઈડિયા યુવા ૨ (મૂલ્ય રૂ. ૪૯૯૯) પર પણ રૂ. ૨૦૦૦ કેશબેક આપી રહ્યું છે, જેનાથી આ ૪૪ સ્માર્ટફોનનું મૂલ્ય માત્ર રૂ. ૨૯૯૯ રહી જશે. ગ્રાહકોને રૂ. ૫૦૦ કેશબેક ૧૮ મહીના બાદ તથા બાકી રૂ. ૧૫૦૦ આગામી ૧૮ મહીના બાદ મળશે. A41 પૉવર, A9 ઈન્ડિયન અને યુવા ૨ પર કેશબેક મેળવવા માટે ગ્રાહકોને પહેલા ૧૮ મહિનામાં રૂ. ૩૦૦૦ મૂલ્યના બરાબર રિચાર્જ કરાવાનું રહેશે અને આગામી ૧૮ મહીનામાં પણ આ રાશિનું રિચાર્જ કરવાનું હશે. આઈડિયાના ગ્રાહક રૂ. ૧૬૯નું રિચાર્જ કરાવી શકે છે, જેમાં તેમને અસીમિત લોકલ અને એસટીડી કૉલ, મફત રોમિંગ, પ્રતિદિન ડેટા અને ૧૦૦ એસએમએસ મળશે. આ રિચાર્જની વૈધતા ૨૮ દિવસોની હશે. કેશબેક ઓફર્સ ૧ ફેબ્રુઆરી ૨૦૧૮થી ઉપલબ્ધ હશે.

## અનલિમિટેડ ઉન્નતિ દ્વારા એચઓએફ ફર્નિચર સિસ્ટમ્સના પ્રવીણ પટેલને લીડરશીપ એવોર્ડ એનાયત



અમદાવાદ

અનલિમિટેડ ઉન્નતિ પ્રા. લિ. દ્વારા ગૌરવભેર તેનો પ્રતિષ્ઠિત લીડરશીપ એવોર્ડ એચઓએફ ફર્નિચર સિસ્ટમ્સ પ્રા. લિ.ના ચેરમેન પ્રવીણ પટેલને એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ તેમને તેમના આઈ કેન - આઈ વિલ આઈડિયોલોજીની તાકાતમાં વિશ્વાસ, પ્રતિબદ્ધતા અને વિઝન માટે અપાયો હતો. અનલિમિટેડ ઉન્નતિના ફાઉન્ડર ડિરેક્ટર શ્રી શ્યામ તનેજાએ આ એવોર્ડ શ્રી પ્રવીણ પટેલને તેમના અજોડ લક્ષિત માર્કેટિંગ અપ્રોચ અને તેમની સિંગલ પ્રોડક્ટ - " ખુરશી " અંગેના તેમના વિઝન માટે એનાયત કર્યો હતો. વિશ્વસ્તરીયો અનેક પ્રોગ્રામ્સ અને પ્રક્રિયાઓ ઉપરાંત ઉન્નતિ ટોપ મેનેજમેન્ટ, એન્ટરપ્રેનોર્સ અને બિઝનેસ ઓનર્સ માટે લીડરશીપ અને મેનેજમેન્ટના ક્ષેત્રોમાં કસ્ટમાઈઝ્ડ સોલ્યુશન્સ ઓફર કરે છે. અમે વર્ષ ૧૯૮૬માં એચઓએફ સાથે પાર્ટનરશીપ કરી હતી અને તેના પછીના વર્ષોમાં મને આશ્ચર્ય થયું કે પ્રવીણભાઈનું વિઝન અને ફોકસ તેમજ તેમની સ્વપ્ન જોવાની દૃષ્ટિ તથા નવા સિમાચિહ્નો સ્થાપવાની પ્રક્રિયામાં પરિવર્તન આવ્યું એટલું જ નહીં પણ તેમણે અત્યંત જુસ્સાથી પોતાના સ્વપ્નો સાકાર પણ કર્યા છે.'હાલમાં ભારતભરમાં ૨૭ ફ્લેગશીપ સ્ટોર્સ સાથે ( સમગ્ર ગુજરાત, દિલ્હી, બેંગલુરુ, કોલકાતા, જયપુર, ઈન્દોર, ઉદયપુર, રાયપુર, પૂણે અને ગૌહાટી), નેપાળ અને તાન્ઝાનિયામાં એચઓએફ દ્વારા આ વર્ષે પોતાના વિસ્તરણ આયોજનમાં ૫૦ એચઓએફ ઝોન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી સ્ટોર્સ કોચી, ચેન્નઈ, નાગપુર, ચંડીગઢ, લખનૌ અને આગ્રામાં શરૂ કરવાની યોજના છે.

## 'ન્યુ ઈન્ડિયા'ના વિઝનને સાકાર કરવા ૧૦,૧૧ અને ૧૨ ફેબ્રુઆરીએ એન્જી એક્સપોની ત્રીજી આવૃત્તિ યોજાશે



અમદાવાદ

ભારત સરકારની 'મેક ઇન ઇન્ડિયા', 'ઇન્ડિયા ફર્સ્ટ', 'ડિજિટલ ઇન્ડિયા' અને 'બ્રાન્ડ ઇન્ડિયા' પહેલમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા તથા દેશની ઈન્ડસ્ટ્રીને વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ વિશાળ તકો હાંસલ કરવામાં તથા તેમની ક્ષમતાઓ વિસ્તારવામાં મદદરૂપ બનવાના ઉદ્દેશ્ય સાથે આગામી ૧૦, ૧૧ અને ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ શહેરના એઈએસ ગ્રાઉન્ડ ખાતે ત્રણ દિવસીય એન્જી એક્સપોની ત્રીજી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે.એન્જી એક્સપોની ત્રીજી આવૃત્તિમાં મુખ્યત્વે પ્લાસ્ટિક, રબર, વેલ્ડીંગ, કટીંગ, પ્રિન્ટિંગ, વેઈંગ, પેકેજીંગ, ઈલેક્ટ્રિકલ, પાવર ટુલ, ઓટોમેશન, ઈલેક્ટ્રોનિક્સ, મશીન ટુલ્સ, વુડ વર્કિંગ, કન્સ્ટ્રક્શન, સોલર ઈક્વિપમેન્ટ્સ, મટિરિયલ હેન્ડલિંગ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી સહિતના અત્યંત મહત્વપૂર્ણ ઉદ્યોગોને આવરી લેવાયા છે, જેમાં તેઓ પોતાના ઈનોવેશનને રજૂ કરશે તથા કારોબાર વિસ્તરણ માટેની સંભાવનાઓ તપાસશે.

ઉદ્યોગો તરફથી એન્જી એક્સપોની અગાઉની બે આવૃત્તિને પ્રાપ્ત થયેલા સકારાત્મક પ્રતિસાદ તથા સફળતા બાદ આ વખતે ત્રણ દિવસીય એક્સપો વધુ વિશાળ રહેશે તથા એક લાખથી વધુ લોકો તેની મુલાકાત લેશે તેવી સંભાવના છે. ઉલ્લેખનીય છે કે એન્જી એક્સપો એક્ઝિબિશન અને ટ્રેડ-ફેર ક્ષેત્રે પ્રતિષ્ઠિત બ્રાન્ડ તરીકે ઉભરી આવ્યું છે અને પરિણામે એન્જીનિયરિંગ ઈન્ડસ્ટ્રીઝ માટેની સમગ્ર વેલ્યુ ચેઈનમાં તે રાષ્ટ્રીય સ્તરે સ્વિકૃતિ પ્રાપ્ત કરી રહ્યું છે. મેગા એન્જી એક્સપોની અગાઉની આવૃત્તિમાં દેશભરના ૨૦૦થી વધુ પ્રદર્શકો-સહભાગીઓએ ભાગ લીધો હતો તથા મોટી સંખ્યામાં બિઝનેસ વિઝિટર્સની ઉપસ્થિતિએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**ઈમેજ ૨૦૧૮ ભાવિ મેનજરોને પોતાની ક્ષમતાની કસોટી કરવાની તક મળી**

## જીએલએસ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા મીડિયા કન્વર્જન્સ એન્ડ મેનેજમેન્ટ વિષયે વાર્ષિકોત્સવ યોજાયો



અમદાવાદ

જીએલએસ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા યોજાનાર એન્યુઅલ નેશનલ મેનેજમેન્ટ ફેસ્ટીવલમાં આ વર્ષે મીડિયા કર્ન્જન્સ એન્ડ મેનેજમેન્ટ થીમ ઉપરવિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૯ અને ૩૦ જાન્યુઆરી દરમિયાન યોજાયેલા આ મહોત્સવનું ઉદ્ઘાટન ઈ-કોમર્સ, શોપર માર્કેટીંગ, બ્રાન્ડેડ કમર્શિયલ, ડીજીટલ કન્ટેન્ટ ને મલ્ટીચેનલ એડવર્ટાઈઝીંગ ક્ષેત્રે કામગીરી ધરાવતા બુચાનન ગ્રુપના સહમાલિક સંજીવ સિંઘાઈ અને ઓમ શાંતિ ઓમ, એફ.એ.એલ.ટી.યુ., એબીસીડી જેવી ફિલ્મોને કારણે જાણીતા બનેલા મુંબઈના પ્રોફેશનલ સ્ટોરી ટેલર, પટલકથા લેખક અને ગીતકાર શ્રી મયૂર પૂરી દ્વારા કરવામાં આવ્યુંહતું.

વર્ષ ૨૦૦૨ થી શરૂ થયેલ ઈમેજનો હવે ૧૬ મા વર્ષમાં પ્રવેશ થયો છે. આ સમારંભમાં વિવિધ સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓને તેમની બિઝનેસની કુનેહ, ઉદ્યોગ સાહસિકતા, કૌશલ્ય અને વ્યવસ્થાપન શક્તિ દર્શાવવા માટેનું પ્લેટફોર્મ હાંસલ થાય છે. દેશભરની ૩૦ થી વધુ કોલેજોના યુજી-પુજી કોલેજોના ૨૫૦ વધુ વિદ્યાર્થીઓએ એમાં ભાગ લીધો હતો. પ્રારંભનાં વર્ષોમાં એક ઈન્ટરકોલેજીયેટ સ્પર્ધાથી શરૂ થયેલો આ સમારંભ હવે નેશનલ ફેસ્ટીવલનું સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યો છે.

# ઝંડા ઉંચા રહે હમારા

## પિલુચા સી.પી.શાહ પ્રાથમિક શાળા



પ્રતિ. પિલુચા

વડગામના પિલુચામાં આવેલી સી.પી.શાહ પ્રાથમિક શાળામાં ગણતંત્ર પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગ રૂપે સવારે ૭:૧૦ થી શાળાના વિદ્યાર્થીઓ તેમજ શાહ કે.એચ. હાઈસ્કુલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ગામમાં પ્રભાત રેલી નીકાળવામાં આવી હતી.

સરપંચ મહિલા ચંદ્રિકાબેન એન. મકવાણા એ ધ્વજ ફરકાવીને સલામી અર્પણ કરી હતી. જેથી ગામની સ્ત્રીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. અને રાષ્ટ્રગીતો થી વાતવરણ રાષ્ટ્રભક્તિ મય બની ઉઠ્યુ હતુ. આ શુભ પ્રસંગે હાઈસ્કુલના આચાર્ય મુકેશભાઈ મોઢ અને પ્રાથમિક શાળાના આચાર્ય જીગ્નેશભાઈ મોઢ તેમજ ગામના પૂર્વ સરપંચ આર.એલ પટેલ દ્વારા આઝાદી વિશેનું મહત્વ સમજાવીને વિદ્યાર્થીઓને ભણતર વિશે જાગૃત કર્યા હતા. સી.પી.શાહ પ્રા.શાળા અને શાહકે.એચ. હાઈસ્કુલ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તેમજ ગણેશપુરા પ્રા.શાળાના ધોરણ-૧,૨માં ભણતા નાના ભુલકાઓ દ્વારા અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો કરીને પધારેલ પ્રજાજનોને ખુશ કર્યા હતા. જેથી સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યું હતું. આની સાથે ગામની વધુ ભણેલી દિકરી અંજલબેન આર.પટેલ ને પ્રજાસત્તાક દિન પર આમંત્રણ આપીને સરપંચ ચંદ્રિકાબેન દ્વારા પ્રોત્સાહિત ઈનામ આપ્યું હતું.

## પી.ટી.શાસ્ત્રી વિદ્યાસ્કુલ ઢીમા



વર્ધાજી ચૌહાણ

પ્રતિ. ઢીમા

તા.૨૬/૦૧/૨૦૧૮ ને શુક્રવારના રોજ પી.ટી. શાસ્ત્રી વિદ્યાસ્કુલ ઢીમા ખાતે પ્રજાસત્તાક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી બાળકો અને શિક્ષકોના ઉલ્લાસ અને હિમંત વચ્ચે સવારે પ્રભાતફેરી કાઢવામાં આવી હતી બાળકોએ નારાઓ બોલાવીને તેમની દેશભક્તિ રજું કરી હતી. ત્યારબાદ ધ્વજવંદન વિધિ કરવામાં આવી હતી ધ્વજવંદન બાદ શાળાના ભુલકાઓ દ્વારા સરસ મજાનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજું કરવામાં આવ્યો હતો. બાળકોએ સરસ મજાનાં ગીતો. અને અભિનય ગીત અને નાટક રજુ કરીને ગામના વડિલો અને યુવાનોને પ્રભાવિત કર્યા હતા શિક્ષિકોના માર્ગદર્શન અને બાળકોના ઉત્સાહ અને વાલીઓના સહકારથી આજનો કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## શ્રી અમીરગઢ પગાર કેન્દ્ર શાળા.૧



વિશાલ નાઈ

પ્રતિ. અમીરગઢ

ગત તા.૨૬-૧-૨૦૧૮ ના રોજ શ્રી અમીરગઢ પગાર કેન્દ્ર શાળા-૧ માં શાળના આચાર્ય રાજેશભાઈ જી. પટેલના આયોજન હેઠળ ૬૯ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉલ્લાસ ભેર કરવામાં આવી હતી. આ પ્રસંગે સૌ પ્રથમ સવારે પ્રભાતફેરી કાઢવામાં આવી હતી. પ્રભાતફેરી ગામમાં જાહેર માર્ગો પર ફરીને રાષ્ટ્ર પ્રેમને લગતા બાળકોએ સૂત્રો બોલાવ્યા હતા. પ્રભાતફેરી બાદ શાળાના પ્રટાંગણમાં ધ્વજવંદન કાર્યક્રમમાં અમીરગઢ ગૃપ ગ્રામ પંચાયતના ઉપસરપંચ ઠાકોર ચમનજી હાલાજી એ ધ્વજ ફરકાવ્યો અને સલામી આપી હતી. આ પ્રસંગે ગ્રામજનો, વડીલો, શાળાનો સ્ટાફગણ, વિદ્યાર્થીઓ, ઉપસ્થિત હતા. ધ્વજવંદન કાર્યક્રમ પત્યા પછી સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાળાના બાળકોએ રાસ, ગરબો, નૃત્ય, ડાન્સ, અભિનયગીત, નાટક, દેશભક્તિ ગીત વગેરે રજૂ કર્યા હતા.

## જેનાલ



બી.ટી.દરબાર

પ્રતિ. જેનાલ

ડીસા તાલુકા જેનાલ ગામે ડેપ્યુટી સરપંચ જવેરસીગ ચમનજી દરબાર દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું બાળકો દ્વારા વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા ગ્રામજનો દ્વારા શાળાના વિકાસ માટે ૧૭૫૦૦/ રૂા.નો રોકડ ફાળો આપેલ.

## ભાભરજુના પે.કે શાળા

તા પ્રતિ. ભાભર

ભાભરજુના પે.કે. શાળામાં તા.૨૬/૧/૨૦૧૮ ના ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી. શાળામાં અભ્યાસ કરતા ધો.૧ થી ૮ ના ૧૩૦ વિદ્યાર્થીઓ વિવિધ દેશભક્તિ ના ગીતો રજૂ કર્યા. તેમની અભિનય કળા જોઈ ગ્રામજનો દિગ્મૂઢ બની ગયા. એસ.એમ.સી. ના અધ્યક્ષ વનરાજસિંહ એચ.રાઠોડ તથા વિનુભા, મેતુભા રાઠોડ તથા ભરતસીંગ મેતુભા રાઠોડ તથા કિતુભા, બચુભા રાઠોડ તથા વર્ષાબા અખુભા રાઠોડ તથા પ્રવિણસિંહ ધર્મુભા રાઠોડ વગેરે અગ્રણીઓની ઉપસ્થિતમાં તથા ગ્રામજનોના સાથ-સહકારથી ભાગ લેનાર તમામ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

વિદ્યાર્થીઓમાં છૂપાયેલી આંતરિક શક્તિઓને રાષ્ટ્રીય તહેવારની ઉજવણીના માધ્યમથી બહાર લાવવાનો સુવર્ણ અવસર શાળા પરિવારને પ્રાપ્ત થયો. જેમાં શાળાના આચાર્ય પ્રભુભાઈ કે. રામી તથા હિરાભાઈ એસ.સોલંકી તથા સ્ટાફગણના પ્રયત્નોથી સમગ્ર ઉત્સવની ઉલ્લાસમય વાતવરણમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી.

## લિબર્ટી પ્રાયમરી, સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ, ભાભર

તા પ્રતિ. ભાભર

ડિવાઈન એન્જલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત લિબર્ટી સેકન્ડરી અને હાયર સેકેન્ડરી સ્કૂલ, ભાભર ખાતે તા.૨૬ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ ૬૯ મો પ્રજાસત્તાક દિન ઉજવવામાં આવેલ હતો તેમાં શાળના બે દિવ્યાંગ બાળકોના હસ્તે રાષ્ટ્ર ધ્વજ લહેરાવ્યો હતો અને સંસ્થાના પ્રમુખ ઉપપ્રમુખ આચાર્ય સ્ટાફગણ ભાભરના નગરજનો વાલીગણ તેમજ અન્ય અગ્રણીઓએ હાજરી આપી વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રાત્સાહન આપ્યું હતું.

## કુવાળા પગાર કેન્દ્ર શાળા

તા પ્રતિ. ભાભર

કુવાળા પગાર કેન્દ્ર શાળા (ભાભર) ખાતે ૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રાત્રે ઉજવવામાં આવ્યો. જેમાં અતિથી વિશેષ તરીકે વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, જિલ્લા પંચાયતના સભ્ય પ્રાથમિક શિક્ષણાધિકારી એન.બી. કાપડી, બી.આર.સી. પોલીસ સબ ઈન્સ્પેકટર, તાલુકા પંચાયતસભ્ય સરપંચ, એસ.એમ.સી નાં સભ્યો, ભાભર તાલુકાની જુદી જુદી શાળાના આચાર્યશ્રીઓ શિક્ષકો સી.આર.સીઓએ પધારીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. આજના કાર્યક્રમમાં હાજરી આપેલ મહેમાનોનું સ્વાગત-સન્માન શાળાના શિક્ષિકો દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કુલ ધોરણ ૦૧ થી ૦૮ નાં વિદ્યાર્થીઓએ વિવિધ દેશ ભક્તિના ગીતો, અભિનય ગીતો, નાટક, એકપાત્રીય અભિનય વગેરે ૨૯ જેટલી કૃતિઓ રજુ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કાપડી એ અને ધારાસભ્ય ગેનીબેન ઠોકોર એ શિક્ષણ થકી જ સમાજોદ્ધારા થશે તેવી વાત કરી હતી. અને એક સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો અને બાળકોની આવી સુંદર અને પ્રસંશનીય કામગીર જોઈને ગામના આગેવાનો દ્વારા શાળાના તમામ ૧૬ શિક્ષકોને સાલ ઓઢાડીને સન્માનિત કર્યા હતા. કાર્યક્રમમાં ભાગ લીધેલ તમામ ૨૫૦ વિદ્યાર્થીઓને ગામના દાતાઓ દ્વારા ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. તથા ગામના દાતાઓ દ્વારા દાનની સરવાણી વહેવડાવી હતી. શાળાના આચાર્ય અમરદાસ કે.વૈષ્ણવ એ ગ્રામજનોને શાળાની માહિતી આપી તેમજ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. તેમજ શાળાના સીનીયર શિક્ષક પ્રકાશકુમાર કે.નાયક એ સૌના આભાર વ્યક્ત કર્યો હતો.

## ગેળા પે.કેન્દ્ર શાળા



નરસિંહ પ્રજાપતિ

પ્રતિ. ગેળા

તા.૨૬/૧/૨૦૧૮ ના ૬૯ માં પ્રજાસત્તાક દિનની ગેળા પે.કેન્દ્ર શાળામાં ઉજવણી થઈ જેમાં સાંસ્કૃતિક પ્રોગામ કરવામાં આવ્યો શાળાના કુલ ૨૪૨ બાળકોમાંથી ૧૭૦ બાળકોએ ભાગ લીધો સવારે ધ્વજવંદન ગામની દિકરી ભાવનાબેને ધ્વજ ફરકાવી ને કાર્યક્રમ ખુલ્લો મૂક્યો હતો જેમાં પ્રથમ વંદે માતરમ, ઝંડાગીત, અને રાષ્ટ્રગીતનું ગાન કર્યુ હતું જેમાં શાળાના આચાર્ય એમ.એસ. કળોતરા તેમજ શાળાના શિક્ષકો શાળા એસએમસી અધ્યક્ષ તેમજ સભ્યો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં ગામમાં દાતાએ બિસ્કિટ તેમજ નાસ્તામાં પેડા ચવાણુ આપતા બાળકોએ ખુશી વ્યક્ત કરી હતી.

## ટરૂવા પ્રાથમિક શાળા

પ્રતિનિધિ લાલપુર

લાખણી તાલુકાની ટરૂવા પ્રાથમિક શાળામાં ગામની સૌથી વધુ ભણેલી દિકરી વિશ્નાબેન ધીરજભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો. શાળાના બાળકો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા. જેમને ગામલોકો તરફથી પ્રોત્સાહિત ઈનામો અને શાળાના વિકાસ માટે રૂા. ૧૦,૦૦૦ નું દાન આપવામા આવેલ. રાષ્ટ્રીય તહેવાર પ્રસંગે સરપંચ ગંગાબેન પદમાજી માળી, પી.એસ.પટેલ, પી.જી.વાવડા, દેહળજી માજી સરપંચ, પીરાભાઈ માળી, એ.વી.ચૌધરી સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહેલ. કાર્યક્રમને સફળ બનાવવા મુ.શિ.વી.જી. ગૌસ્વામી સહિત શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.

## દરબારગઢ (જૂનાડીસા) પ્રા.શાળા

જૂનાડીસા

ઐતિહાસિક ધરોહરની ઓળખ સમી સવાસો વર્ષથી પણ જુની એવી જૂનાડીસાની પે.કેન્દ્ર શાળા કે જે દરબારગઢના હુલામણા નામથી જાણીતી છે. તે પ્રા.શાળાના પ્રાંગણમાં પ્રજાસત્તાક દિનની ભવ્ય-શાનદાર ઉજવણી કરવામાં આવી.

સમારંભના અધ્યક્ષ સ્થાને સેવાભાવી યુવા ડૉક્ટર રાકેશભાઈ સી.પટેલના વરદ હસ્તે ધ્વજવંદનને સલામી આપવામાં આવી. ડૉ.રાકેશભાઈએ દેશપ્રેમ વિશે માર્મિક અને સચોટ શીખ આપતાં અપીલ કરેલ કે દરેક માનવીએ દેશને અહિત થાય, તેવા કાર્યથી અળગા રહી, ત્રણ વસ્તુઓ- સ્વાસ્થ્ય, શિક્ષણ અને સંસ્કારના ત્રિવેણી સદ્ગુણોથી દેશહિતનું કાર્ય કરવા અપીલ કરેલ.

''દિકરીને સલામ'' અંતર્ગત શાળાની ભૂ.પૂ.વિદ્યાર્થીનીની તેજસ્વીતાની કદર કરી, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતાં સરકારી અભિગમ મુજબ, શાળાનાં સિનિયર અને ઉત્સાહી શિક્ષિકાબેન સરોજબેનના વરદ્હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું.

આ પ્રસંગે સિનીયર સીટીઝન અને સામાજીક કાર્યકર રમેશભાઈ બી.મહેતા (વરિષ્ઠ પત્રકાર, ગુજ.ગ્રામીણ પત્રકાર સંઘ) ખાસ ઉપસ્થિત રહી, બાળકો દ્વારા પ્રસ્તુત કાર્યક્રમને ભરપેટ વખાણતાં, વાલીઓને પોતાના બાળકોની પ્રગતિ માટે જાગૃત રહેવા અપીલ કરેલ. આ પ્રસંગે શાળાની બાળાઓ દ્વારા બેટી પઢાઓ અને ''વ્યસનના દૂષણથી મુક્તિ'' અંતર્ગત અદભુત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી ઉપસ્થિત જનમેદનીને મંત્રમુગ્ધ કરેલ. નટ કલાકારોએ દોરી ઉપર રોમાંચક કલા - પ્રદર્શન કરેલ. આ પ્રસંગની સફળતા માટે આચાર્ય ડૉ.પરેશભાઈ સોલંકી તેમજ શાળા પરિવારના શિક્ષક- ભાઈ બહેનોએ સુંદર આયોજન કરેલ. રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં મુકેશભાઈ પ્રજાપતિ, મુકેશભાઈ છત્રાલીયા, પીઢ જયંતિભાઈ અનાવાડીયા, ઈકબાલ ઘોરી વિ.ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુવા- ઉત્સાહી શિક્ષક રાકેશભાઈએ કરેલ.

## ઈન્દ્રમાણા પે.કેન્દ્ર શાળા



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના ઈન્દ્રમાણા પે.કેન્દ્ર પ્રાથમિક શાળા ખાતે સરપંચ વખતસીંગ વાઘેલાના હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવી ૬૯ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી.

શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. સરપંચ વખતસીંગ વાઘેલા ડે.સરપંચ લક્ષ્મણસીંગ વાઘેલાના હસ્તે ગત વર્ષના તેજસ્વી તારલાને શિલ્ડ- સન્માનપત્ર પુરસ્કાર એનાયત કરવામાં આવેલ. આ પ્રસંગે શાળા સ્ટાફ પરિવાર ગ્રામજનો ઉપસ્થિત રહી ભૂલકાઓની કળા નિહાળી રાષ્ટ્રિય પર્વની ઉજવણી કરેલ. શાળાના આચાર્ય રમેશભાઈ ત્રિવેદીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વાઘપુરા પ્રાથમિક શાળા



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાની વાઘપુરા (લોરવાડા) પ્રાથમિક શાળામાં ૬૯ માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દિકરીને સલામ દેશ કે નામ અંતર્ગત શાળામાં વધુ અભ્યાસ કરેલી ઠાકોર આરતીબેન રમેશજીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે છેલ્લા એક વર્ષમાં ૮ જન્મેલ બાળાઓના માતા પિતામાંથી ૪ બાળાઓ અને તેમના માતા પિતા હાજર રહ્યા હતા.

ધ્વજવંદન કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં બાળગીત, એકપાત્રીય અભિનય, સ્વાગતગીત, નાટક, ગરબા, નિબંધ સ્પર્ધા વગરે કાર્યક્રમો રજુ કર્યા હતા. જેમાં ઝાંસીની રાણીનં પાત્ર આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારના તમામ શિક્ષક ભાઈ બહેનોએ સંઘ ભાવના સાથે કામ કર્યું હતું. શાળાના આચાર્ય ગોવિંદભાઈ મકવાણાએ ત્યાગ, બલિદાન, દેશભક્તિ જેવા ગુણો કેળવવા તેની સાથે બેટી પઢાવો - બેટી બચાવો પર ભાર મુક્યો હતો. સાથે બાળકોના એકાઉન્ટ નંબર આધારકાર્ડ બાકી હોય તેમણે તુરંત કઢાવી દેવા વાલીઓને અનુરોધ કર્યો હતો. છેલ્લે ગામના સામાજીક આગેવાન દશરથભાઈ ઠક્કર દ્વારા તમામ ઉપસ્થિત બાળકો, વાલીઓ અને ગ્રામજનોને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

## સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળા

ડીસા તાલુકાની વરનોડા સી.આર.સી.ની સોલંકીવાસ (જેનાલ) પ્રા.શાળામાં ૨૦ જેટલા સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન સાથે પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.



બી.ટી.દરબાર

એસ.એમ.સી. કક્ષાએ સૌથી વધુ ભણેલી દિકરી હેતલબેન ભુરાજી ચૌધરીના વરદ હસ્તે ધ્વજવંદનવિધિ કરવામાં આવી હતી. શાળાના આચાર્ય અશ્વિનસિંહ સોલંકીએ શિલ્ડ અને પ્રમાણપત્ર આપી હેતલબેનનું સન્માન કર્યું હતું.

પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને દાતાઓ દ્વારા પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લા એક વર્ષમાં શાળાએ, બાળકોએ, શિક્ષકોએ, આચાર્યએ મેળવેલ સિદ્ધિઓની રજુઆત કરવામાં આવી હતી. છેલ્લા એક વર્ષમાં શાળામાં દાન આપનાર દાતાઓના નામ જાહેર કરવામાં આવ્યા.

જેનાલ ગામની સાથે લક્ષ્મીપુરા, વરનોડાના ગ્રામજનો, વાલીગણ, એસ.એમ.સી.ના તમામ સભ્યગણ અને દાતાઓ મોટી સંખ્યામા હાજર હતા.

## ધ નેશનલ સ્કૂલ ધાનેરા

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે ધ નેશનલ સ્કુલમાં તારીખ ૨૬/૧/૨૦૧૮ ના રોજ ૬૯ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પેરેન્ટસ સ્પોર્ટસ ડે આનંદભેર ઉજવાયો. ૬૯ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે મુખ્ય મહેમાન ડૉ.ભરતભાઈ બી.પ્રજાપતિએ ધ્વજવંદન કરી પ્રસંગોચિત્ત સંબોધન કર્યું હતું.

જેમાં ભાજપ તાલુકા પ્રમુખ જગદીશભાઈ પટેલ અને શાળાના એમ.ડી. નરપતસિંહ વાઘેલા હાજર રહ્યા હતા. વાલીઓએ ઉમંગભેર સ્પોર્ટસ ડેમાં ભાગ લીધો હતો. શાળાના સ્ટાફગણ તેમજ વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા ધ્વજવંદન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## આર્ટસ કોલેજ લવાણા કેમ્પસ

પ્રતિનિધિ લવાણા

લાખણી તાલુકાના લવાણા મુકામે ૨૬ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ માનવનિકેતન ટ્રસ્ટ સંચાલિત આર્ટસ કોલેજ લવાણા, સરસ્વતી



હસમુખ ચૌધરી

પ્રા.શાળા લવાણા, અને વિદ્યામંદિર મા. અને ઉ.મા.શાળા લવાણા દ્વારા સંયુક્ત રીતે કોલેજ કેમ્પસમાં ૬૯ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી હર્ષ અને ઉલ્લાસભેર થઈ. જેમાં સમગ્ર સંસ્થાના બાળકો, કોલેજના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.યુ.કે.રાજપુતના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમણે પ્રાસંગિક ઉદ્બોધન કરી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. સદર કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીઓ હીરાભાઈ વાઘેલા, ટી.પી.રાજપુત, વેલજીભાઈ સીઓડ, સવજીભાઈ એડુ અને સગથાભાઈ ચાવોડ, ગામના સરપંચ રામાજી પઢિયાર, પ્રેસ રીપોર્ટર હસમુખભાઈ ચૌધરી, કોલેજના પ્રિન્સિપાલ વી.ટી.સાસુન, શાળાના આચાર્ય આર.વી.ડાભી તેમજ સંસ્થાના તમામ કર્મચારીઓએ હાજરી આપી હતી.

ધ્વજવંદન વિધિ બાદ શાળાના શિક્ષક એ.કે.પઢાર અને ભરતભાઈ રાજપુતના નેતૃત્વ નીચે આર્ટસ કોલેજ લવાણા, સરસ્વતી પ્રા.શાળા લવાણા, અને વિદ્યામંદિર મા. અને ઉ.મા. શાળા લવાણા દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ થયા હતા. કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને મહેમાનોએ રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રો.ડી.કે.રાજપુત અને શાળાના શિક્ષક સંજય આર. રાજપુત દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચી.હં.દોશી પે.સેન્ટર શાળા, ડીસા

ડીસા



ડીસાની ચી.હં.દોશી પે.કેન્દ્ર શાળા ખાતે શાળાના ઉ.શિ.શ્રીમતિ સરોજબેન બી.પટેલના અધ્યક્ષ સ્થાને ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં આ શાળાની વિદ્યાર્થીની મમતાબેન સોલંકી તથા સરોજબેન પટેલનું સન્માનપત્ર તથા બેટી - બચાવો બેટી પઢાવો શિલ્ડ શાળાના આચાર્ય પ્રવીણભાઈ સાધુ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના ગીતો તથા અભિનય ગીત / નૃત્ય રજુ કરવામાં આવ્યાં જેને ખૂબ જ આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રસંગે હેમાંગીબેન પરમાર પ્રમુખ સ્ત્રી સમાજ ડીસા - મંત્રી તેમજ સદસ્યશ્રીઓ વિશેષ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે બેંક ઓફ બરોડા - ડીસા શાખા તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ બાળકોને કંપાસબોક્ષ ધો.૧ થી ૮ માં પ્રથમ ઉતીર્ણ થનાર બાળકોને સ્કૂલ બેગ અને વિશેષ જરૂરિયાતવાળા બાળકોને ૪૦૦ નોટબુક આપી પ્રોત્સાહિત કરાયા હતા. રાજ્ય રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ચંદુભાઈ એ.ટી.ડી. ને માતૃસંસ્થામાં મહેમાનો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. સ્ત્રી સમાજ દ્વારા પણ શાળાને દાનભેટ આપવામાં આવ્યા. ભૂરાભાઈ પકવાનવાળાએ પાંચ વર્ષની પરંપરા જાળવી ઉપસ્થિત તમામ બાળકો / વાલીઓને નાસ્તો કરાવી સ્તુત્ય કાર્ય કર્યુ હતું.

## એમ.એસ.ડી. ઈન્ટરનેશનલ સ્કુલ

પ્રતિનિધિ થરાદ

થરાદની એમ.એસ.ડી ઈન્ટરનેશનલ સ્કુલમાં ૨૬ મી જાન્યુઆરીના ગણતંત્ર દિવસની ઉજવણી કરાઈ.તેના ભાગરૂપે તા



વિષ્ણુ દવે

૨૬/૦૧/૨૦૧૮ ના રોજ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં શાળાના તમામ બાળકો એ ભાગ લીધો હતો. જેમાં પરેડ, ધ્રૂવજવંદન,દેશભકિત ગીત,નૃતય,પ્રવચન વગેરે જેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી દયાલપુરી ગૌસ્વામી તથા ભરતભાઇ પરમાર અને તમામ વાલીઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી. તેમજ સંપૂર્ણ કાર્યક્રમનું એન્કરીગ શાળાના વિધાર્થી સત્યરાજસિંહ ચાવડા અને વૃષિકા પટૈલેએ કર્યુ હતું.

## મોતીસરી પ્રા.શાળામાં ધ્વજવંદન



વનરાજસિંહ રાઠોડ

તા પ્રતિ.ભાભર

ભાભર તાલુકાના મોતીસારી પ્રા.શાળામાં ૨૬ મી જાન્યુઆરીના દિવસો ધામધુમપૂર્વક ૬૯ માં ગણતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા હતા. શાળામાં વિદ્યાર્થીની રેખાબેન અમરતભાઈ રાઠોડના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. બાદમાં શાળાના આચાર્ય શર્મીષ્ઠાબેન કે. વાળંદ તરફથી કાર્યક્રમમાં ભાગ લીધેલ બાળકોને ડીસો ભેટમાં આપી હતી. જ્યારે શાળાના તમામ બાળકોને તીથી ભોજન એસ.એમ.સી. અધ્યક્ષ રમેશભાઈ રાઠોડ દ્વારા આપવામાં આવ્યું હતું.

